કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દરમાસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૬૧ ● ડિસેમ્બર-૨૦૨૦




પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

# નૂતનવર્ષમાં અન્નકૂટોત્સવ





કાલુપુર













છપૈયા



જેતલપુર



મૂળી



ગાંધીનગર, સે.-૨



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૪ ● અંક : ૧૬૧

ડિસેમ્બર-૨૦૨૦

(મૂળ વર્ષ ૫૩)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
**Mo. : 9313719232**

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9313706095**
**magazine@swaminarayan.in**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | જીવને અભયદાતા શ્રીહરિ | ૦૬ |
| ૦૪. | ગંડકી નદી | ૦૮ |
| ૦૫. | આચાર્ય દેવો ભવઃ | ૧૦ |
| ૦૬. | ગરીબ ભક્તને દુઃખવવાનું ફળ | ૧૨ |
| ૦૭. | શું ભગવાનને પણ સોગન (સમ) ખાવા પડે ? | ૧૫ |
| ૦૮. | કીર્તનની કેડીએ સહજાનંદ સુખકારી રે....... | ૧૭ |
| ૦૯. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૮ |
| ૧૦. | સત્સંગ બાલવાટિકા | ૨૦ |
| ૧૧. | ભક્તિ સુધા | ૨૨ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૫ |





# અસ્મદીયમ્

સાચા ભગવાનના ભક્તની કસોટી કે પરીક્ષા ત્યારે જ થાય જ્યારે બહુ જ મોટું સંકટ આવી પડે તો પણ પોતાના ધર્મમાંથી જરાય પણ વિચલીત ન જ થાય. વર્તમાન સમય જેવો સંકટ પૂર્ણ સમય અત્યાર સુધીના ઈતિહાસમાં આવ્યો હોય તેવું સાંભળવા કે જાણવા મળ્યું નથી. સમગ્ર વિશ્વમાં અતિ ગંભીર મહામારી એ માનવ સમાજને ભયાનક સંકટમાં જકડી રાખેલ છે. ત્યારે આપણે સૌ શ્રીહરિના પરમભક્ત તરીકે પોતાનું ધૈર્ય અને શ્રદ્ધાને સંયમમાં રાખીને જે પણ સૂચનો નિયમોનું પાલન કરવાનું સુજ્ઞ અને જાણકાર વ્યક્તિઓ દ્વારા કહેવામાં આવે તેનું પૂરી નિષ્ઠાથી અનુસરણ કરીશું તો જરૂર આ કોરોના જેવા ભયાનક વિપરિત કાળને પાર પામીશું તે નિશ્ચિત છે, અને આવા સમયમાં જો પરમાત્મા ઉપર વિશ્વાસ રાખીશું તો પ્રભુ તો બહુ દયાળુ છે, અવશ્ય સહાયતા કરીને રક્ષા કરશે અને અંતે સૌ માનવ માત્રનો ઉદ્ધાર કરે તેવી પરમકૃપાળુ શ્રીનરનારાયણદેવના શ્રીચરણોમાં તા. ૧૬-૧૨-૨૦૨૦ થી તા. ૧૪-૦૧-૨૦૨૧ સુધીના ધનુર્માસના દિવ્ય પ્રાતઃકાળમાં ષડક્ષરી મહામંત્રની આર્તનાદથી પુકાર સાથે નિયમિત ઓન લાઈન ધૂનમાં જોડાઈને પ્રાર્થના કરવામાં આળસ નિન્દ્રાનો ત્યાગ કરીને વહેલાં જાગીને આપણી શ્રદ્ધા ભક્તિને બળ આપીશું તો અવશ્યમેવ વહેલામાં વહેલી તકે સર્વત્ર સુખ શાંતિનો પ્રસાર પ્રચાર થશે જ એવો દૃઢ વિશ્વાસ સૌના હૃદયમાં સદા રહે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના સાથે જયશ્રી સ્વામિનારાયણ.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના**
**જયશ્રી સ્વામિનારાયણ**

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(ઓક્ટોબર-૨૦૨૦)

૨૫ ૪૮ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે શ્રી નરનારાયણદેવના દર્શન કરી સભામાં પૂ. મહંત સ્વામી આદિ ધામોધામના સંતોએ સાદગીપૂર્ણ રીતે પુષ્પહાર પહેરાવી શુભેચ્છા પાઠવી હતી.

(નવેમ્બર-૨૦૨૦)

૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં સમૂહ ચોપડા પૂજન પોતાના વરદ્ હસ્તે પરંપરાગત રીતે સંપન્ન થયું. ત્યારબાદ કાળીચૌદશ નિમિત્તે શ્રી હનુમાનજીનું પૂજન, અર્ચન અને અન્નકૂટ આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૧૫ દિવાળી પ્રસંગે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ આદિ દેવોની છપ્પન ભોગ અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા હતા.

૧૬ નૂતન વર્ષના શ્રી નરનારાયણદેવના દર્શન કરી સભામાં અને બેઠકમાં સૌ સંત-હરિભક્તોને દર્શન-આશીર્વાદ પાઠવ્યા હતા.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓક્ટોબર-૨૦૨૦)

૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પ્રસાદીના ચોકમાં શરદોત્સવ પ્રસંગે શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ દ્વારા આયોજીત ઓચ્છવમાં બિરાજી ઠાકોરજીની આરતી પોતાના વરદ્ હસ્તે ઉતારી હતી.

(નવેમ્બર-૨૦૨૦)

૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પ્રસાદીના સભા મંડપમાં પરંપરાગત રીતે ઉજવાતા સમૂહ ચોપડા પૂજન પોતાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયું.

૧૫ દિવાળીના શુભ દિને પરમકૃપાળુ શ્રી નરનારાયણાદિ દેવોની છપ્પન ભોગ અન્નકૂટ આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૧૬ નૂતન વર્ષના કાલુપુર મંદિરમાં બેઠકમાં સંત-હરિભક્તોને નૂતન વર્ષ નિમિત્તે દર્શન આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ

# જીવને અભયદાતા શ્રીહરિ

- શાસ્ત્રી નિર્ગુણદાસજી (મહંત સ્વામી, કાલુપુર, અમદાવાદ)



॥ अष्टपदीयम् ॥

देवाभयदं नारायण देवाभयदं नारायण ।

रमणीयमे रुपं वरमतिदर्शय ।देवाभय...॥ ( ध्रुवपदम् )

परिहृतकोटिककामायसुषमम् । तरुणवयः संवरणीयमे ।देवाभयदं... ॥१॥

सहजानंदनाम वृषकन्दं । करुणावरुणगृहरमणीयमे ।देवाभयदं... ॥२॥

हंसद्युतिवसनानियदर्च्चं । दधतिशिशितिशंकरणीयमे ।देवाभयदं... ॥३॥

वामंवामश्रवणेनीलबिन्दुं । केनोदधद्देवधरणीयमे ।देवाभयदं... ॥४॥

मुमुदिमहे प्रत्यहंमंजुहारी । वीक्षमनसि देवश्रवणीयमे ।देवाभयदं... ॥५॥

सममेतुमब्जंमृगायतद्दग्भ्यां । वने वातपस्यन्तिमरणीयमे ।देवाभयदं... ॥६॥

द्दृष्टवामनोतित्वरतिह्द्यं । यन्मेऽनिशंपापंहरणीयमे ।देवाभयदं... ॥७॥

वासुदेवोसौनामेतितन्मेचक्रे । भवतुभवभरणीयमे ।देवाभयदं... ॥८॥

॥ इति वासुदेवानंदवर्णी विरचिताष्टपदी ॥

ભગવાનના ભક્તને પોતાના હૃદયમાં કેવો દૃઢ નિશ્ચય હોય છે કે ઈષ્ટ દેવના દર્શન માત્રથી સર્વ પ્રકારે નિર્ભય થવાય છે. શ્રી વાસુદેવાનંદવર્ણી શ્રીહરિના ચરણોમાં એટલા માટે પ્રાર્થના કરે છે કે હે પ્રભુ તમારા દિવ્ય દર્શન કેવા છે તો જીવ માત્રને જન્મ મૃત્યુના ભયથી રહિત કરીને આત્યન્તિક મોક્ષરૂપ પરમગતિ આપે છે. એવા ભાવને વ્યક્ત કરવા માટે આ સ્તુતિ અષ્ટકની રચના કરેલી છે તેના શબ્દોનો અર્થ વિચારીએ --

॥ અષ્ટપદીયમ્ ॥

**દેવાભયદં નારાયણ દેવાભયદં નારાયણ ।**

**રમણીયમે રૂપં વરમતિદર્શય ॥દેવાભય... ॥**

**(ધ્રુવપદમ્)**

હે પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણ દિવ્ય સ્વરૂપે પોતાના અવિનાશી અક્ષરધામમાં વિરાજમાન છો તે જ તમો અહિં મનુષ્ય શરીર ધારણ કરીને જીવોને માયામય પંચભૌતિક નાશવંન્ત શરીરથી છોડાવીને દિવ્ય ભાગવતી તનું આપીને અભય વરદાન આપો છો. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપના મને દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું.

**પરિહૃતકોટિકકામાયસુષમમ્ ।**

**તરૂણવયઃ સંવરણીયમે ॥દેવાભય... ॥૧॥**

હે શ્રીહરિ તમારી આ દિવ્ય મૂર્તિનું રૂપ તો એવું છે જાણે કરોડો કામદેવના ગર્વને તત્કાળ જ હરિ લીયો છો. તેના અહંકારનો ક્ષણમાત્રમાં નાશ થઈ જાય છે. કારણ કે તમારા રૂપની સમાન જગતમાં બીજું કોઈ રૂપવાન કે ગુણવાન છે નહીં. તમારી આ મૂર્તિ સદા કિશોરવય અને રૂપને અને તરુણ અવસ્થાના ગુણને સદા ધારણ કરીને રહ્યા છે. તેને સારી રીતે સંભાળીને સાચવીને અખંડ રાખી રહ્યાં છો. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપ નામને દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૧)

**સહજાનંદનામ વૃષકન્દં ।**

**કરૂણાવરૂણગૃહરમણીયમે ॥દેવાભય... ॥૨॥**

તમારા દિવ્ય નામનો એવો પ્રતાપ છે જે શાસ્ત્રોમાં આવે છે કે कलौ हरिकीर्तनात् તે વાક્યનું સાક્ષાત્ દર્શન થાય છે. સહજમાં જગતના સર્વ જીવ

માત્રને અતિ આનંદ આપનારા છો તેથી સહજાનંદ નામથી આ યુગમાં પ્રસિદ્ધ છો, અને તે નામ ધારણ કરીને ધર્મના અવતાર એવા ધર્મદેવના પુત્રરૂપે પ્રગટ થઈને ભાગવદ્ધર્મની પૃથ્વી ઉપર રક્ષા કરવા વિચરણ કરો છો. તે અતિ કરૂણાના સાગર એવા તમોએ અતિ કરૂણા દયા કરીને દીન પામર જીવોના ઘરો સુધી જઈને તેમને પોતાનું સ્વરૂપ ઓળખાવો છો. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપ નામનું દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૨)

**હંસધુતિવસનાનિયદર્ચ્યં ।**

**દધતિશિતિશંકરણીયમે ।।દેવાભય... ।।૩।।**

માનસરોવરમાં કૈકારવ કરતાં હંસના સમાન અતિ શ્વેત અને સ્વચ્છ તેજસ્વી વસ્ત્રો ધારણ કરેલ આ તમારી મૂર્તિનું હજારો ભક્તો ભક્તિભાવથી સદા પૂજન અર્ચન કરે છે . તેમના હૃદયમાં ચિરકાળ પર્યન્ત શાન્તિ આપનારા છો કલ્યાણ કરો છો. અર્થાત આત્યન્તિક મોક્ષગતિ આપીને પોતાના દિવ્ય અક્ષરધામમાં તેડી જાવ છો. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપ નામનું દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૩)

**વામંવામશ્રવણેનીલબિન્દું ।**

**કેનોદધદ્દેવધરણીયમે ।।દેવાભય... ।।૪।।**

જગતના પામર જીવોનો ઉદ્ધાર કરવો એ તો જેમના માટે સાધારણ છે, ડાબા હાથનું કામ છે. એવા અલૌકિક સામર્થ્યવાળા તમારા આ માનવ શરીરના ડાબા કાનની અંદર રહેલાં શ્યામ બિન્દુ કાળો તલ તેના દર્શન કે સ્મરણ કરનારાને પોતાના મોક્ષની કોઈ પણ પ્રકારની ચિન્તા કે ભય રહેતો નથી. તેને તો તમો સ્વયં જેમ શૈષનારાયણ પૃથ્વીને પોતાના મસ્તક ઉપર સાચવીને ધારણ કરી રાખે છે, તેમ તે ભક્તને તમો સાચવીને તમારી પાસે રાખો છો, અર્થાત અક્ષરધામમાં રાખો છો. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપના મને દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૪)

**મુમુદિમહે પ્રત્યહમંજુહારી ।**

**વીક્ષમનસિ દેવશ્રવણીયમે ।।દેવાભય... ।।૫।।**

તમારો આશ્રય કરનારા એકાન્તિક ભક્તો દિવ્ય અક્ષરધામમાં નિત્ય પ્રતિ કાયમ અનેક પ્રકારના મનગમતા આનંદનો અનુભવ કરે છે. તેને સમાધિમાં તમારી કૃપાથી યોગીઓ સિદ્ધ પુરૂષો પ્રત્યક્ષ જોઈ શકે છે અને સત્શાસ્ત્રોમાં શ્રીભાગવતાદિ પુરાણો વેદો ઉપનિષદો અને સત્સંગિજીવન, સત્સંગિભૂષણમાંથી પણ તેવું જ સાંભળવામાં આવે છે. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપ નામનું દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૫)

**સમમેતુમબ્જંમૃગાયતદગભ્યાં ।**

**વને વાતપસ્યન્તિમરણીયમે ।।દેવાભય... ।।૬।।**

હે શ્રીહરિ તમારી કૃપા કે ઉપાસના ભક્તિ વિના સંસાર સાગરને પાર થવું એ તો એવું છે જેમ મહાભયાનક જંગલમાં કોઈ મૃગ ઉપર વનરાજની દૃષ્ટિ પડે પછી બચવું જેમ કઠણ છે. તેમ ભક્તિ વિના વનમાં કઠોર તપસ્વીઓ તપ કરે છે . પરન્તુ તેમના માથે પણ મૃત્યુનો ભય સદા રહ્યા કરે છે. પરન્તુ તમારા શરણાગતને તમો નિર્ભય કરો છો. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપ નામનું દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૬)

**દૃષ્ટવામનોતિત્વરયતિહૃદ્યં ।**

**યન્મેડનિશંપાપંહરણીયમે ।।દેવાભય... ।।૭।।**

હે શ્રીહરિ તમારી કરૂણામય દૃષ્ટિથી જીવના હૃદયમાંથી તત્કાળ પૂર્વજન્મ કૃત અસંખ્ય પાપનો સમૂદાય નાશ પામી જાય છે. અને તેના હૃદયમાં અતિ દિવ્યાનંદની પ્રાપ્તિ થાય છે. તે સદા નિત્ય પ્રતિ મારા હૃદયમાં પણ તેવો જ આનંદ તમારી પ્રસન્નતાથી મળે છે. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપ નામનું દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૭)

**વાસુદેવોસૌનામેતિતન્મેચક્રે ।**

**ભવતુભવભરણીયમે ।।દેવાભય... ।।૮।।**

હે શ્રીહરિ આ હું તમારો દાસ વાસુદેવાનંદવર્ણી જગતના જીવોને સાવધાન કરીને કહુ છું કે તમો સર્વ ભગવાન શ્રીસ્વામિનારાયણનું નામ માત્ર જપ કરશો તો તમારા બધા દુઃખો કષ્ટો નાશ થશે અને અન્તે મોક્ષની પ્રાપ્તિ થશે. અને જગતમાં તમારૂં સર્વ રીતે ભરણ પોષણ અને રક્ષણ પણ તે પરમાત્મા જ કરશે એવા દયાળુ છો તમે પ્રભુ. એવા હે પ્રભુ તમારા અતિ રમણીય મનમોહક સ્વરૂપ નામનું દર્શન કરાવો જેથી હું પણ નિર્ભય થઈને તમારો આશ્રય કરીને મારા આત્માનું શ્રેય કરી શકું. (૮)



# ગંડકી નદી

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને નીલકંઠવર્ણી સ્વરૂપે વનવિચરણમાં નેપાળના મુસ્તાંગ જીલ્લામાં આવેલ મુક્તિનાથ મંદિરમાં ચાર માસ એક પગે ઉભા રહીને કઠીન તપશ્ચર્યા કરતા ત્યારે નિત્ય ગંડકી નદીમાં સ્નાન કરતા. સાક્ષાત્ વિષ્ણુ સ્વરૂપ પ્રગટ ભગવાન શ્રી શાલિગ્રામ રૂપે ગંડકી નદીની ગોદના પ્રવાહમાંથી મળે છે. સમસ્ત વૈષ્ણવ પરંપરા પૂજનીય સ્વરૂપ તરીકે આદિ અનાદિકાલથી શાલિગ્રામજી પૂજામાં રાખે છે. તે સ્વરૂપની પ્રાપ્તિ માત્રને માત્ર ગંડકી નદીના પ્રવાહમાંથી મળે છે. ગંડકી અને શાલિગ્રામના સંયોગ વિષે પુરાણમાં એક કથા લખાયેલી છે.

પ્રાચીનકાળમાં કોઈ એક ગામમાં ચતુર્માસને વિષે એક સંત સત્સંગ કરવા રોકાયા. આખું ગામ ધાર્મિક વૃત્તિવાળુ સત્સંગ પ્રિય હતું. સંતના મુખે સત્સંગ શ્રવણ કરવા નિત્ય ગ્રામવાસી આવતા. સત્સંગના સમાપન દિવસે ભાવિક શ્રધ્ધાળુ ગ્રામજનોને રાજી થઈને સંતે સહુને કલ્યાણના આશીર્વાદ આપ્યા. તે વખતે તે ગામની એક સ્ત્રી ગંડકી નામે સંતને કહેવા લાગી કે શું મારું પણ કલ્યાણ થશે ? મેં પણ સત્સંગ સાંભળ્યો છે. ત્રિકાળજ્ઞાની પવિત્ર સંત બોલ્યા કે, જો તું પાપકર્મ વૈશ્યાવૃત્તિનો ત્યાગ કરીશ તો તારું પણ કલ્યાણ થશે. ત્યારે સ્ત્રી બોલી કે એ તો મારી આજીવિકા વૃત્તિ છે. તેને નહિ છોડી શકું. મેં તમારો સત્સંગ શ્રવણ કર્યો છે. તો શું શાસ્ત્રો કે સંતોના વચન મિથ્યા થશે ? શું હું મોક્ષથી વંચિત રહી જઈશ ? શું મારું પાપ સત્સંગ કરતા બળવાન છે ? સંત સમય સંજોગ સમજી ગયા અને સ્ત્રીને વળતા જવાબમાં કહ્યું કે, હે સ્ત્રી ! જો તું તારી વૃત્તિ છોડી શકે તેમ ન હોય, તો હવે પછી સાયં સંધ્યાના સમય પછી માત્ર તારી પાસે જે પુરુષ આવે તેને પતિ-પરમેશ્વર તુલ્ય માનીને સેવા-શુશ્રુષા કરજે અને અન્ય પુરુષને પર પુરુષ માનજે.

સંતના વચનને સત્ય માનીને એક માત્ર દિવસના અંતે સંધ્યા પછી જે પુરુષ તે સ્ત્રીના ઘેર આવે તેને પતિ માનીને સેવા કરવા લાગી. તેમને ભાવતા ભોજન જમાડે. આદર આપી મધુર વચન કહે. ચરણ પખાળે. આવા નાના પ્રકારની સેવા કરે. એમ કરતા થોડાજ સમયમાં સંતના આશીર્વાદથી તે ગંડકી નામે વેશ્યાવૃત્તિવાળી સ્ત્રીના હૃદયમાંથી પવિત્ર સેવાના પ્રતાપે કામના માત્ર બળી ગઈ. અને માત્રને માત્ર પવિત્ર ભાવે જે પુરુષ આવે તેની તન-મનની પવિત્રતાથી સેવા-શુશ્રુષા કરતી. ગંડકીના સદાચારી પવિત્ર પ્રભાવથી જે જે પુરુષ નિત્ય આવે તેની પણ કામના ચાલી જતી. આવુ ઘણા સમય સુધી ચાલ્યા કર્યું. તે ગામના લોકોએ માન્યું કે એક પવિત્ર સંતના મુખે

સત્સંગ વાણી શ્રવણ કરી તો તેના પ્રતાપે ગંડકીનું જીવન પવિત્ર બની ગયું છે.

દરેક સાધનામાં સાધકની પરીક્ષા થતી હોય છે. તેમાં ભગવાન શ્રી નારાયણ એકવાર ગંડકીના ઘરના દરવાજે સંધ્યા સમયે પરપુરુષ બનીને ઘરમાં પ્રવેશ કર્યો. ગંડકી નિત્ય ક્રમ સેવાના કાર્યક્રમ મુજબ આવનાર પતિના ચરણ પ્રક્ષાલન કર્યા. પાટ ઉપર બેસાડ્યા. ભાવતા ભોજન બનાવીને જમાડ્યા. સુંદર સુંદર ફુલોના સુગંધી યુક્ત પુષ્પમાળાઓ પહેરાવી. સુગંધી દ્રવ્યો અત્તર આદિના છંટકાવ કર્યો. જ્યારે અરધી રાત્રિનો સમય થયો ત્યારે પરપુરુષના સ્વરુપે નારાયણ પથારીમાંથી અચાનક બેઠા થઈ ગયા. પોતાના હાથ વડે મસ્તક પકડીને બોલ્યા કે "મારું માથું બહુ જ દુઃખે છે." તેનો ઉપચાર ઔષધ લાવ. ગંડકી સ્ત્રીએ ઘરગથ્થું ઉપાચાર કર્યા પણ તે દુઃખાવામાં કોઈ રાહત ન થઈ. એમ કરતા વહેલી સવારે સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી નારાયણે મૃત્યુની લીલા કરી એટલે મૃત્યુ પામ્યા.

અચાનક આવી પડેલા ધર્મ સંકટને પોતાનો ધર્મ સમજીને તે સ્ત્રીએ બીજા દિવસે સવારે આવેલા પરપુરુષની અન્ત્યેષ્ઠિ તૈયાર કરાવી. ગામ જનોને ભેગા કર્યા અને અંતિમ સંસ્કાર કરવા એક નદીના કિનારે નનામીને લઈ ગયા. તે સમયમાં કેટલીક પતિવ્રતા સ્ત્રીઓ પતિના અવસાન બાદ પતિની ચિત્તામાં સોળે શણગાર પહેરીને બેસીને સતી થઈ જતી. તે સમયના રિવાજ મુજબ ગંડકી સ્ત્રી શણગાર પહેરીને પતિના મસ્તકને ગોદમાં લઈને ચિત્તામાં બેસી. ઢોલ નગારા વાજાના અવાજની વચમાં ગંડકીએ સંકલ્પ કર્યો કે આ પરપુરુષને મેં પતિ માનીને સેવા કરી હોય તો હે અગ્નિદેવ પ્રગટ થાઓ. ગંડકીની સાચી સાધનાના પ્રભાવે ચિત્તામાં અગ્નિ પ્રગટ થયો.

ત્યાં તો ચિત્તામાં સૂતેલા પરપુરુષ નહિ પણ પરમ પુરુષ પરબ્રહ્મે આંખો ખોલી અને અગ્નિ શાન્ત થયો. સૂતા સૂતા શ્રીહરિ બોલ્યા કે "ગંડકી ! માંગ માંગ તારા પર હું રાજી થયો છું. તુ કહે તે વરદાન આજે તને આપું."

પવિત્ર ગંડકી સ્ત્રી સમયને સમજી ગઈ. આ તો મારા પ્રભુની લીલા જાણીને વળતા વચનમાં માત્ર એટલું જ બોલી કે, મારી ગોદમાં તમે મસ્તક મૂક્યું છે તો કાયમ મારી ગોદમાં રહેજો. બસ બીજુ કાંઈ જોઈતું નથી.

તત્કાળ શ્રીહરિના પ્રભાવે ત્યાં તે ગંડકી સ્ત્રી નદીના પ્રવાહે થઈ વહેલા લાગી અને શ્રીહરિ શાલિગ્રામ રૂપે નદીમાં બિરાજ્યા.

તે ગંડકીના પ્રવાહમાં ગોદમાં આરંભથી અંત સુધી ભગવાન શાલિગ્રામ સ્વરૂપે બિરાજે છે. ગંડકીનો રંગ કાળો અને શાલિગ્રામનો રંગ પણ કાળો.

શાલિગ્રામ સ્વરૂપની આવાહન - વિસર્જન નહિ. પ્રતિષ્ઠા સ્થાપના પણ નહિ. બસ ગંડકીના પ્રવાહમાં હોય તે સાક્ષાત્ શ્રીહરિ. તેમની પૂજા સેવા થવા લાગે. વૈદિક પરંપરામાં ઘરોઘર આરાધ્ય દેવના પ્રતિક સ્વરૂપે શાલિગ્રામ પૂજાવા લાગ્યા. અને વૈષ્ણવોના અતિ પ્રિય સ્વરુપ બન્યા.

આપણા સંપ્રદાયમાં ધર્મદેવ પરંપરામાં શાલિગ્રામની પૂજા થાય છે. શ્રીહરિ નીલકંઠવર્ણી રૂપે વનવિચરણ કરવા નીકળ્યા ત્યારે ધર્મદેવે આપેલા શાલિગ્રામ સ્વરુપને સાથે રાખી નિત્ય પૂજા કરતા. તેમને ધરાવ્યા વિના શ્રીજી મહારાજ જળપાન પીતા નહિ.

વનવિચરણમાં અનેક પરચાઓ થયા તે સત્સંગમાં લખાયેલા છે. શ્રીહરિની પૂજાની પ્રસાદીના શાલિગ્રામ અત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજની અમદાવાદ શ્રી નરનરનારાયણદેવ ગાદીના વંશ પરંપરાગત વર્તમાન ગાદીપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સ્વયં પૂજા કરે છે. બહારગામ પધારે ત્યારે તે પૂજા-શાલિગ્રામજી સાથે જ હોય.

દેશ વિભાગ વખતે નરનારાયણદેવ દેશમાં સંખ્યા અને સંપત્તિ સામાન્ય હોવાથી થોડા નારાજ અયોધ્યાપ્રસાદજીને શ્રીહરિએ પોતાની પૂજા આપીને કહ્યું કે "હું તમારી સાથે છું. મહારાજે આપણા નંદ સંતોને પણ પૂજામાં શાલિગ્રામ સ્વરુપ રખાવ્યા હતા અને સંતો પૂજા કરતા.

# આચાર્ય દેવો ભવ:



- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલ અને પ્રર્વતાવેલ સ્વામિનારાયણ સંપ્રદાય આજે વિશ્વભરમાં શુધ્ધ અને સાત્વિક ધર્મ તરીકે આદરભર્યું સ્થાન પામ્યો છે તેના પાયામાં બે બાબતો મુખ્ય છે, એક તો અણિશુધ્ધ આચરણ સાથે અહિંસા પરમોધર્મનું પાલન અને બીજું જનસેવા એજ પ્રભુસેવાનો પરમ કલ્યાણકારી સિધ્ધાંત.

સર્વાવતારી શ્રીહરિએ સર્વ જીવોનું આ લોક અને પરલોકમાં પરમ હિત થાય તેવી શિક્ષાપત્રી સ્વયં લખીને સર્વેને તેજ પ્રમાણે વર્તવાનો બોધ કર્યો. તેમાં શ્લો.-૧૨ માં જણાવ્યું કે, અહિંસા છે તે જ મોટો ધર્મ છે. માટે નાના-મોટા કોઈપણ જીવની હિંસા તો કયારેય કરવી જ નહિ. શ્રીહરિના સ્વભાવનું વર્ણન કરતાં પ્રેમાનંદ સ્વામી નિત્ય ચેષ્ટાના પદ-૬ માં લખે છે કે,

**અતિદયાળુ રે સ્વભાવ છે સ્વામીનો,**
**પરદુઃખહારી રે વારી બહુનામીનો**
**કોઈને દુઃખિયો રે દેખી ન ખમાયે,**
**દયા આણી રે અતિ આકળા થાયે**
**અન્નધન વસ્ત્ર રે આપીને દુઃખ ટાળે,**
**કરુણાદ્રષ્ટિ રે દેખી વાન જ વાળે.**

સંપ્રદાયના મુખ્ય ગ્રંથ વચનામૃતના પરથારામાં અગ્રગણ્ય નંદ સંતો લખે છે કે, "ક્યારેક તો કોઈ પ્રાણીને દુઃખીયો દેખીને અથવા સાંભળીને તત્કાળ દયાએ યુક્ત થકા રામ-રામ એવી રીતે બોલવાનો સ્વભાવ છે...... મનુષ્યનું દુઃખ ટળે એવી રીતે અન્ન વસ્ત્રાદિક પદાર્થે કરીને ઉપકાર કરે છે. આવા અતિ દયાળુ શ્રીહરિએ આ ધરા ઉપર ધર્મનું સ્થાપન કરી તેની ધર્મધુરા ધર્મવંશી આચાર્યોને સોંપી અને સર્વે સંત હરિભક્તોને તેમની આજ્ઞામાં રહીને વર્તવા માટે દેશ વિભાગનો લેખ લખાવ્યો. આ સંપ્રદાય માત્ર 'ધર્મનો વાડો' નથી પરંતુ સામાજીક કાર્યોને પણ અગ્રસ્થાન આપી જનસેવા એજ પ્રભુસેવાના સિધ્ધાંતનું પાલન કરનાર સમાજ છે.

આજના યુગમાં આધુનિક ગણાતા 'પર્યાવરણ બચાવો' જેવા વિચારોને તો શ્રીહરિએ આજથી લગભગ ૨૨૫ વર્ષ પહેલાં જ આલેખ્યા હતા. પોતાના આશ્રિતોને ઉદ્દેશીને તેઓશ્રી જણાવે છે કે, જે જન એક પીંપળો, એક લીંબડો, એક વડ, દસ આંબલીયો, ત્રણ કોઠીયો, ત્રણ બિલિયો ત્રણ આમળીયો, નવ આંબાઓ આટલાં વૃક્ષો રોપીને ઉછેરે છે, તે નરકને પામતો નથી. સ.જી.પ્ર-૫, અ.-૧૨ શ્લો-૪૦. આજની જેમ માત્ર ફોટા પડાવવાના હેતુથી કરવામાં આવતા વૃક્ષારોપણ કાર્યક્રમની જેમ નહિ, પરંતુ તેને રોપીને તેને ઉછેરવાની (બાળ ઉછેરની જેમ) આજ્ઞા એ જ આ સંપ્રદાયની દીર્ઘદ્રષ્ટિ અને આચરણ શુધ્ધિની સાખ્ય પૂરે છે. પશુઓ માટે ઘાસચારાનો સંગ્રહ કરવો શિક્ષાપત્રી શ્લોક ૧૪૧ અને જો પશુની સંભાવના ન થાય તો પશુ ન રાખવા શિક્ષાપત્રી શ્લોક ૧૪૨ ની આજ્ઞાએ સર્વે જીવો પ્રત્યેની કરુણાદ્રષ્ટિ છતી કરે છે. શ્રીહરિએ સ્વયં શ્રમદાન કરીને અનેક જળાશયોની માવજત કરેલી છે. વડતાલમાં ગોમતી, છપૈયામાં નારાયણ સરોવર, માંગરોળમાં વાવ, કારિયાણીનું તળાવ, મૂળીમાં અલર્ક વાવ, જેતલપુરમાં દેવ સરોવર ઈત્યાદિક ઘણા તીર્થસ્થાનોની રચના-સંરક્ષણ કરીને શિ. શ્લોક ૩૨ માં આજ્ઞા કરી કે નદી તળાવને આરે મળમૂત્ર ન કરવું. કચ્છમાં વિચરણ કરતી વખતે ભક્ત લાલજી સુતારને અર્થે ખારું પાણી પણ મીઠું બનાવીને તેમની તૃષા છિપાયેલી. પોતે તો પુરુષોત્તમનારાયણ છે તે કંઈપણ કરવાને સમર્થ છે. પણ લોક કલ્યાણને અર્થે જનસમૂહને પુણ્યકાર્યમાં જોડવાની તેમની નેમ છે. સ.જી. પ્ર.-૫, અ-૧૪, શ્લોક ૬૦ અને ૬૧ માં જણાવે છે કે કોઈપણ પુરુષે ક્યારેય પણ કન્યાવિક્રય કરવો નહિ, કરનાર રૌરવ નામના નરકને પામે છે. તે દ્રવ્યને અણુંમાત્ર પણ ભોગવનાર પોતે કુળે સહિત નિશ્ચય નરકમાં પડે છે. શ્રીહરિની આ બધી આજ્ઞાઓનું યથાર્થ પાલન કરવામાં આવે તો આજે પણ જનસમાજના ઘણા બધા પ્રશ્નોનો તુરંત અંત આવે તેમ છે.

આ ભગવાન શ્રીહરિએ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું સૌ પ્રથમ મંદિર અમદાવાદમાં બંધાવ્યું અને તેમાં સં. ૧૮૭૮ (ઈ.સ. ૧૮૨૨) ફાગણ સુદ-૩ ના

દિવસે શ્રી નરનારાયણદેવની પ્રાણ પ્રતિષ્ઠા કરી પોતાનું સમગ્ર ઐશ્વર્ય તેમાં મૂક્યું. અને જણાવ્યું કે, ‘‘આ શ્રી નરનારાયણને અમે અમારું રૂપ જાણીને અતિ આગ્રહ કરીને સર્વેથી પ્રથમ આ શ્રીનગરને વિષે પધરાવ્યા છે માટે આ શ્રી નરનારાયણને વિષે અને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહિ. (વચનામૃત અમ-૬) અને વળી, દેવની સમક્ષ ઉંબરા ઉપર બેસીને આશીર્વાદ આપતાં જણાવ્યું કે, જે જનો આ દેવનાં પ્રતિદિન દર્શન કરશે કે પ્રત્યેક પૂર્ણિમાને દિવસે આ દેવના દર્શન કરશે તેના સર્વે મનોરથો અમે નિશ્ચે પૂર્ણ કરીશું શ્રીહરિએ આ મહાપ્રતાપી દેવની સ્થાપના કરીને અમદાવાદમાં આવેલા કાંકરિયા સરોવરની પાળે બ્રાહ્મણોની ચોર્યાસી કરી, અને તેમને ભાવતાં ભોજન અને માગી દક્ષિણા આપીને તૃપ્ત કર્યા. ભ.ચિ.પ્ર. ૮૬ માં નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે,

**કર્યા ઉતારા કાંકરીચે, દેશ દેશના દાસ આવીયા ।**
**રથ વેલ્યને પાલખી, ઉંટ ઘોડા ગાડલાં લાવીયા ।।૪૧।।**

ઈતિહાસ પ્રમાણે, ગુજરાતના રાજવી સિધ્ધરાજ જયસિંહે આ તળાવ સેંકડો વર્ષો પહેલાં ખૂબ ખર્ચ કરીને બંધાવેલું. તે આ તળાવ શ્રીહરિના ચરણારવિંદથી પાવન થયેલું મહાપ્રસાદીનું છે. શ્રીહરિએ જ્યાં ઉચ્ચ આસને બેસીને નિવાસ કરેલો ત્યાં આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા કરી છે. વર્તમાન કાળે ત્યાં હનુમાનજી મહારાજનું મોટું શિખરબંધ મંદિર છે. દર લાભ પાંચમે ત્યાં હરિભક્તોનો સમૈયો થાય છે. કાળે કરીને આ તળાવ ક્ષતિગ્રસ્ત થવા લાગ્યું ત્યારે,

यद्यदाचरति श्रेष्टस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाण कुरुते लोकस्तदनुवर्तते ॥

શ્રેષ્ઠ પુરુષ જે જે આચરે છે અન્ય માણસો પણ તેનેજ આશરે છે, તે જે કાંઈ પ્રમાણ કરી આપે છે સકળ માનવ સમૂહ તે પ્રમાણે વર્તવા લાગે છે. ગીતા. અ.-૩, શ્લોક ૨૧.

આ પ્રમાણે શ્રીહરિની પ્રસાદીનું સ્થળ, આદિ આચાર્યશ્રીએ પધરાવેલ હનુમાનજી વિગેરેનું અતિશય માહાત્મ્ય જાણીનો, આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીએ ઈ.સ. ૧૮૭૪ માં અંગ્રેજ સરકારને, તે વખતે માતબર ગણાય એવી રકમ રૂા. ૩૦,૦૦૦/- ત્રીસ હજાર પાઉન્ડ ખર્ચીને આ તળાવનું સમારકામ-નવીનીકરણ કરી આપવાનો પ્રસ્તાવ કર્યો. જન હિતાર્થે આ રકમ ખર્ચવાનું સ્વીકાર્યું. એ નોંધવું ઘટે કે તેમાં સહેજપણ માલિકીપણાની ભાવના ન હતી, માત્ર સમાજોત્થાનની ભાવના હતી. તેઓશ્રીએ આ ભગીરથ કાર્ય સ્વીકારવાનો પ્રસ્તાવ કર્યો અને પોતે ધર્મના સંરક્ષક હોવાથી તેમણે સરકારશ્રીને વિનંતી કરી કે, જો આ તળાવમાં માછીમારીનો સંપૂર્ણ નિષેધ કરી, કડકપણે તેનું પાલન કરે તો, આ સંપ્રદાય આટલી મોટી રકમ પણ સમાજને ચરણે ધરવા તૈયાર છે ! સંપ્રદાયના આચાર્યશ્રીની આ ઉદાર ભાવનાની અંગ્રેજ સરકારે નોંધ લીધી, તે વખતના ટાઈમ્સ ઓફ ઈન્ડીયા જેવા પ્રતિષ્ઠિત અખબારો સહિત પ્રાદેશિક ભાષાના અખબારોએ પણ તેની નોંધ લીધી, એટલું જ નહિ પણ ટાઈમ્સ ઓફ ઈન્ડીયાએ સો વર્ષ પછી પણ તેની ઐતિહાસિક કોલમ **‘Before Hundred Years’** માં તેને પુનઃ પ્રકાશિત કરી.

**સંપ્રદાયના આ આચાર્યશ્રીનો સંકલ્પ હતો કે આ પ્રસાદીની જગ્યામાં હિંસા ન થાય,** ત્યાં આજે આપણે જોઈ શકીએ છીએ કે, ત્યાં હિંસા-માછીમારો તો નથી જ થતી, કિંતુ અબોલ પ્રાણીઓની ખૂબ સારી સંભાવના રાખતું વિશાળ પ્રાણી સંગ્રહાલય કાર્યરત છે. જે ત્યારે ન થયું તે અત્યારે સુપેરે થાય છે. **મોટા પુરુષોના સંકલ્પ જ પથ્થર ઉપર લકીર સમાન છે. શ્રીહરિની ઈચ્છાથી તે અચૂકપણે મોડા-વહેલા ફળીભૂત થાય છે જ.** એ જ આ સંપ્રદાયની વિશેષતા છે.

શ્રી નરનારાયણદેવની ગાદીના પૂર્વાચાર્યો અને વર્તમાન પીઠાધિપતિઓની હંમેશા ઉમદા ભાવના રહી છે કે ધર્મ જળવાતો હોય તો ધન છોડી દેવું. સંપ્રદાયમાં ધન નહિ પણ ધર્મ પ્રધાન છે. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ દુકાળના સમયે પોતાના આશ્રિતજનોને પત્ર લખીને જણાવેલું કે અન્ન વસ્ત્ર ન હોય તો અમારી પાસેથી લઈ જજો.... આત્મબુદ્ધિની પરાકાષ્ઠા સમાન આ પત્ર આજે પણ તેના મૂળ સ્વરૂપે અમદાવાદ નારણપુરામાં આવેલ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સચવાયેલ છે અને જનદર્શન માટે મુકાયેલ છે. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના જેવા સર્વોપયોગી કાર્યમાં સરકારશ્રીને ઉદારદિલે આર્થિક સહયોગ આપ્યો છે. એટલું જ નહિ પણ નર્મદા ડેમ પર રૂબરૂ પધારીને, દેવનું આહ્‌વાન કરીને ત્યાં મહાપૂજા પણ કરી છે અને તેને પ્રતાપે કરીને આજે રાજ્યની આ મોટી કલ્યાણકારી યોજના પરિપૂર્ણ થઈ છે. ભૂજનો ભૂકંપ હોય, વર્ષાની રેલી હોય, દુકાળ હોય, રોગચાળો હોય કે કોરોના જેવી મહામારી હોય દરેક સંઘર્ષમાં સમયમાં, તમામ સામાજીક પ્રવૃત્તિઓમાં આ સંપ્રદાય તેના દીર્ઘદ્રષ્ટિવાન અને ધર્મપ્રેમી આચાર્યશ્રીઓની નિશ્રામાં સેવા કરવા માટે ખડે પગે તૈયાર હોય છે તે જ આ સંપ્રદાયની સાચી સર્વજીવહિતાવહની ભાવના વ્યક્ત કરે છે.

# ગરીબ ભક્તને દુઃખવવાનું ફળ

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

આપણા સૌના ઈષ્ટદેવ સર્વાવતારી શ્રીહરિએ સર્વ જીવ હિતાવહ-જીવ પ્રાણીમાત્રનું હિત થાય એવી જીવન જીવવાની એક સુંદર રીત આપણને શીખવાડી છે એ ન્યાયે અહિંસા ધર્મના ભાગ રૂપે જીવપ્રાણી માત્રને દુઃખવીએ નહિ કે કોઈનો પણ દ્રોહ કરીએ નહિ. પરંતુ તેમાં પણ ગરીબ હોય અને વળી તે ભગવાનનો ભક્ત હોય તેને દુઃખવવાથી શું પરિણામ આવે છે તે વડોદરાના શ્રીહરિના એકાંતિક ભક્ત નાથભક્તના પ્રસંગથી જોઈએ.

ગરીબ એટલે ઘણા આર્થિક રીતે ગરીબ હોય તો કોઈ મનથી કે સ્વભાવથી ગરીબ હોય, કોઈની સામે ઉંચા અવાજે બોલી ન શકે. સહન કરી લે. નાથ ભક્ત બન્ને રીતે ગરીબ હતા પરંતુ શ્રીહરિના અનન્ય ભક્ત હતા. મહામુક્ત હતા. શ્રીહરિના રાજીપાથી તેઓના જીવનમાં કામ, ક્રોધ, મત્સર, દ્વેષ આદિક અંતઃશત્રુઓ નાશ પામી ગયા હતા. શ્રીહરિએ એમને અનેક પરચા આપ્યા હતા. અગ્નોતેરા કાળમાં શ્રીહરિએ નાથ ભક્તની ચાર કોઠીઓ અખૂટ દાણાથી અક્ષય પાત્ર બનાવી હતી. અને તેથી હજારો માણસો જીવ્યા હતા. પોતે બહુ સંતોષી હતા. એક સમયે ગાયો મારનાર કસાઈઓને તેઓએ પથ્થર જેવા સજ્જડ કરી નાખ્યા હતા. તેઓના સંપર્કમાં આવનાર કેદીઓ પણ સત્સંગી થયા હતા. સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના સત્સંગથી તેઓ અતિ ઉચ્ચ કોટીના ભક્તની સ્થિતિને પામ્યા હતા.

નાથ ભક્તની સુદામાં જેવી સ્થિતિ હતી. તો પણ ક્યારેય કોઈની પાસે હાથ લંબાવતા નહી. એક સમયે જ્યારે તેઓના છોકરાઓ પણ ભૂખ્યા રહેવા પામ્યા ત્યારે તેમના પત્નીના કહેવાથી પોતાની એક દૂઝણી ભેંસ વેચવા તૈયાર થયા. આ વાત વડોદરા શહેરમાં ફેલાઈ ત્યારે બે પાંચ માણસો મારફતે ગાયકવાડના કારભારી નારૂપંત નાના સાહેબે આ વાત સાંભળી ચોકીદારોને મોકલ્યા કે જાઓ નાથ ભક્તને ત્યાં અને કહેજો કે સાહેબ ને ભેંસ જોઈએ છે. જે કાંઈ કિંમત થશે એ આપી દેશે. ચોકીદારોએ નાથ ભક્તને ત્યાં આવીને આ વાત કરી એટલે ભક્ત ખુશ થયા. શ્રીહરિનો ઉપકાર માન્યો કે દિવાન સાહેબ જેવા મોટા માણસ ભેંસ ખરીદે છે તો મારી ગરીબી સામે જોઈને મને ભેંસની સંપૂર્ણ કિંમત આપશે. દિવાન સાહેબ સત્સંગી છે. માટે તેઓ વ્યવહારમાં પણ ચોખ્ખા હોય જેથી મારે પૈસાની ઉઘરાણી પણ નહી કરવી પડે. આવું વિચારી નાથ ભક્તે ભેંસ પોતાના ખીલેથી છોડી આપી. સાંજ પડી પણ પૈસા આવ્યા નહી. પોતે કારભારી હોવાથી વહીવટી કાર્યના ભારણથી પૈસા મોકલવાનું ભૂલી ગાય હશે. એક દિવસ, બે દિવસ.... એમ કરતા દસ દિવસ પસાર થઈ ગયા. નાથ ભક્ત અને તેમના પત્ની બન્ને મૂંઝવણમાં મૂકાયા. છોકરાઓ દૂધ પીતા હતા એ પણ ગયું અને ઘરમાં બાજરો પણ આવ્યો નહી.

નાથ ભક્તે વિચાર કર્યો કે સાહેબને હવે યાદ કરાવવું પડશે. સાહેબ મંદિરે દર્શનાર્થે દરરોજ આવે છે તેથી મંદિરે જ યાદ કરાવી દઉં. આવો વિચાર કરી મંદિરના પગથિયે ઉભા રહ્યા. આંખમાં આંસુ છે. મારા હકના પૈસા હોવા છતાં ગરીબીના કારણે મારે મોટા માણસ પાસે બે માણસની હાજરીમાં ઉઘરાણી કરવી પડશે. સાહેબ એકલા તો જલ્દી મળે નહી. એવો વિચાર કરે છે ત્યાં નારૂપંત નાના સાહેબ બે ઘોડાની બગીમાંથી નીચે ઉતર્યા. ચોકીદારો અને અંગરક્ષકો સાથે છે. નાથ ભક્તે હાથ જોડી 'જયશ્રી સ્વામિનારાયણ' કહી બોલ્યા. ''સાહેબ મારા બાળકો દસ દિવસથી ભૂખ્યા છે આપ કામકાજમાં ભૂલી ગયા હશો પેલી ભેંસની કિંમતના રૂપિયા મને આપવા કૃપા કરો તો મારા બાળકો કાંઈક ખાધા ભેગા થાય. આમ બોલતા બોલતા તો ભક્તની આંખમાંથી આંસુઓ પડવા લાગ્યા. કારણ કે તેઓને માગવુ નહોતુ, પરંતુ માંગવાની ફરજ પડી છે.

માણસોની વચ્ચે ભક્તે પૈસાની ઉઘરાણી કરી એ સાહેબને ન ગમ્યું. પોતે સત્સંગી હતા પરંતુ આત્મનિષ્ઠા નહોતી, નિર્માનીપણાનો ગુણ નહોતો. ભગવાનના ભક્તનો મહિમા સમજ્યા નહોતા. જેથી નાથ ભક્તની માફી માંગીને પૈસા આપી દેવાને બદલે તેઓ સત્તાના અહમમાં એકદમ તાડુક્યા. ‘‘આવા ભિખારી કેટલા હશે ! તું જાણે છે કે તું કોની આગળ ઉઘરાણી કરે છે ?’’ આમ કહી પગમાંથી મોજડી કાઢી ભક્તને મારવા તૈયાર થયા. આ જોઈ ભક્તનું હૃદય ત્રાસી ગયું. શ્રીહરિને સંભાર્યા. હે મહારાજ ! હું મફત પાંચ પૈસાય નથી માગતો. હું તો આમની પાસે મારી વેચેલી ભેંસની કિંમત માંગુ છું. એના બદલામાં મને ગાળો આપે છે. પ્રભો ! જેવી આપની મરજી! કાંઈ મને દુઃખ ઓછું હશે તે આજે પુરુ થયું. આમ બોલતાં બોલતાં ભક્તે માથું નીચે કર્યું. સભા મંડપમાં બેઠેલા સંતવર્ય ગોપાળાનંદ સ્વામીનું ધ્યાન ગયું એટલે સભામાંથી જ સ્વામીએ પડકાર કર્યો. ‘‘નારૂપંત ! સબૂર કરો, રહેવા દેજો. જો મોજડીનો ઘા કરશો તો તમારું સત્યાનાશ નીકળી જશે. આવા ભક્તરાજ ઉપર ઘા કરશો તો મહારાજ ઉપર ઘા થશે. ભગવાનથી સહન નહીં થાય.’’ સ્વામીના અવાજને સાંભળવાથી મોજડીનો ઘા નહિ કરતા દર્શન કરી જતાં રહ્યા. નાથ ભક્ત પણ સીધા ઘેર આવ્યા. સિંહાસનમાં રહેલા ઠાકોરજી આગળ માથું ઝુકાવી આંસુઓના બુંદ પાડ્યા. પત્નીને કંઈ કહેવા સમર્થ નહોતા.

અહીં આપણને પ.પૂ. મહારાજશ્રીએ આપેલું સુવાક્ય યાદ આવે છે. **Be human first, then religious** (પ્રથમ માણસ બનો, પછી ધાર્મિક બનો) અહીં પણ એવું જ જણાય છે કે નારૂપંત નાના સાહેબ માણસાઈનું પગથિયું ચૂકી જઈને સીધા મંદિરના પગથિયા ચડી ગયા લાગે છે. જો કે આપણે તો એવું જ વિચારવું રહ્યું કે મંદિરના પગથિયા ચડશે તો ક્યારેક માણસાઈનો ગુણ પણ આવશે. આ બધી વર્તમાન સમયની જ વાતો હોય છે. વ્યવહાર શુદ્ધિ જેઓના જીવનમાં ન હોય તેવા લોકો જાણી જોઈને અથવા હકીકતમાં સહજ રીતે ભૂલી જાય. ખીસામા હાથ નાંખવો ગમે નહી. વસ્તુ પરત કરવી ગમે નહી. કોઈ ઉઘરાણી કરે તો દુશ્મન થઈને ઉભા રહે.

ગરીબ એકાંતિક ભક્તના આંસુ ભગવાનથી સહન કેમ થાય ? ભગવાન કોઈના ઉપર રાજી થાય તો તેની બુદ્ધિ સારી થાય અને કુરાજી થાય તો બુદ્ધિ બગાડે. બીજે જ દિવસે દિવાનની બુદ્ધિ બગડી રાણીની સાથે મસલત કરી, ગાયકવાડ સરકારને ઝેર દઈ. રાજ્ય આપણા કબજામાં આવી જાય તેવું ષડયંત્ર રચાયું. બંનેએ ભેગા થઈ કાગળ ઉપર લખાણ કર્યું. અને સહી સિક્કા કર્યા. દિવાન તે કાગળ પોતાના કોટના ખીસામાં નાંખી રાજ્ય સભાનું કામ પતાવી ઘેર આવ્યા. તેમના નિયમ પ્રમાણે ધોવાના કપડા નિયત જગ્યાએ મુક્યા કોટમાંથી કાગળ કાઢવાનું યાદ ન આવ્યું. ભગવાનનો ન્યાય જુઓ. ગરીબ ભક્તના પૈસા ભૂલી ગયા તો અહીં ષડયંત્રનો દસ્તાવેજ ભૂલી ગયા. ધોબી કપડા ધોવા લઈ ગયો. તેણે તેના નિયમ પ્રમાણે કપડા પાણીમાં બોળતા પહેલા કોટનું ખીસુ તપાસ્યુ તો તેમાંથી કાગળ નીકળ્યો. પોતે અભણ હતો પરંતુ કાગળ પર સહી સિક્કા જોઈને વિચાર્યુ કે સાહેબનો મહત્વનો કાગળ છે. વળી વિચાર્યું કે આવો મહત્વનો દસ્તાવેજ ગાયકવાડ સરકારને જ હાથો હાથ આપ્યો હોય તો નામદાર મારા પર રાજી થઈ જાય. આવું વિચારી ધોબી રાજ્ય સભામાં આવ્યો. ગાયકવાડ સરકાર સયાજીરાવ (બીજા) સભામાં બેઠા હતા. ધોબીએ સલામ કરીને વિગત જણાવીને કાગળ નામદાર સાહેબને આપ્યો. પોતાને મારી નાખવા માટેના ષડયંત્ર વાળો કાગળ વાંચતા જ ગાયકવાડ સરકારની ચાર આંખ થઈ ગઈ. એકદમ ગુસ્સે થઈ ચોકીદારને કહે છે : તત્કાલ દિવાનને દોરડેથી બાંધી, મારી સમક્ષ હાજર કરો. દિવાન જમવા બેસીને મુખમાં પહેલો કોળિયો મૂકે તે પહેલા તો ચોકીદારોએ દિવાનને દોરડેથી બાંધીને રાજ્ય સભામાં રાજા સમક્ષ ઉભા રાખી દીધા. નાથ ભક્તના બાળકો અનાજથી વંચિત રહ્યા તો આ બાજુ દિવાન પણ અનાજનો કોળિયો મોઢામાં ન મૂકી શક્યા.

સયાજીરાવ કહે છે : અરે દુષ્ટ ! તને તો અત્યારે ગોળીએ જ દેવાનો હતો. પરંતુ મને યાદ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ જ્યારે મારા રાજમહેલમાં પધાર્યા હતા ત્યારે તે દયાળુ મહાપ્રભુએ મને એક આજ્ઞા

કરી હતી : ''ગાયકવાડ ! નારૂપંત નાના, જે તમારા દીવાન છે, તે ભવિષ્યમાં ગમે તેવા મોટા ગુનામાં આવે તો પણ તેમને દેહાંત દંડની શિક્ષા નહી કરશો.'' ભગવાનના એ શબ્દો આજે મને તારો જાન લેવામાં અટકાવે છે. પણ તને ફરમાન કરું છું કે આને આ પહેરેલ કપડે મારા રાજ્યની હદ બહાર જતો રહે.

નાથ ભક્તને આંસુ પડાવ્યા તો પોતાને આખી જિંદગી રડવાનો વારો આવ્યો. હાથમાં રામપત્તર લઈ ભીખ માગે છે. તો પણ કોઈ ભીખ આપતું નથી. દુષ્ટની સોબતમાં ષડયંત્રમાં રાણી સામેલ થઈ તો તેને પણ દેહાંત દંડની સજા આપવામાં આવી. હવે વચનામૃતમાં શ્રીહરિના શબ્દો જોઈએ.

..... અને આ સંસારમાં પંચ મહાપાપ કરનારાનો કોઈ દિવસ છૂટકો થાય, પણ ભગવાનના ભક્તના દ્રોહના કરનારાનો કોઈ દિવસ છૂટકો થતો નથી. માટે ભગવાનના ભક્તની જે સેવા કરવી તે બરોબર કોઈ પુણ્ય નથી, ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો તે બરોબર કોઈ પાપ પણ નથી. (ગ.મ.-૬૩)

..... એક તો ભગવાનને બીજા ભગવાનના ભક્તને ત્રીજા બ્રાહ્મણને ચોથો કોઈક ગરીબ મનુષ્ય, એ ચારથી તો અમે અતિશે બીયે છીએ જે 'રખે એમનો દ્રોહ થઈ જાય નહિ...... એ ચારમાંથી એક નો જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે......... અને ભગવાનના ભક્ત ને જો બિવરાવતો હોય ને તે પ્રભુનો ભક્ત હોય તો પણ તેને અસુર જાણવો. અને અમારો તો એ સ્વભાવ છે જે, બ્રાહ્મણનો ને ગરીબનો ને ભગવાનના ભક્તનો કોઈક દ્રોહ કરે, તે તો અમને દીઠો જ ગમે નહિ. અને આ લોકમાં ને પરલોકમાં તેને ને અમારે સોબત રહેવાની નથી. (વ.-૧૧)

..... મહાભારતમાં ભીષ્મપિતાએ રાજા યુધિષ્ઠિરને એમ કહ્યું જે, 'જો તું ગરીબને કલ્પાવીશ તો તું તારા વંશ સહિત બળીને ભસ્મ થઈ જઈશ.' માટે ભગવાનનો ભક્ત હોય અથવા કોઈ બીજો હોય, પણ ગરીબ માત્રને લેશ માત્ર દુ:ખવવો નહિ. અને જો ગરીબને દુ:ખવે તો બ્રહ્મ હત્યા જેટલું પાપ થાય છે.... (ગ.પ્ર.પ્ર.-૭૨)

વચનામૃત ગ.પ્ર.પ્ર.-૭૧, ગ.અંત્ય-૧૨ અને વ.-૧૫ આદિક પણ ભક્તોનો મહિમા સમજવા માટે વાંચીને મનન અને નિદિધ્યાસ કરીએ સંત તુલસીદાસજી પણ લખે છે.

**તુલસી ગરબી ન છેડીએ, બડી ગરીબ કી હાય ।**
**મુવા ઢોરકે ચામ સે, લોહ ભસ્મ હો જાય ॥**

કોઈ ભક્ત હોય, ગરીબ હોય, બ્રાહ્મણ હોય કે ગાય માતા હોય તેની સેવા ન થાય તો કંઈ નહી. પરંતુ તેની કુસેવા કરીને, તેને દુ:ખવીને તેની હાય, નિ:સાસો ક્યારે ન લઈએ. તુલસીદાસજીના જીવનમાં ભગવાનના ભક્તનો મહિમા પણ એટલો જ હતો, મહિમા જણાવતા તેઓ લખે છે,

**તુલસી જયા કે મુખન સે, ભૂલે નિકસે રામ ।**
**તાકું પગ કી પહેનિયા, મેરે તનકી ચામ ॥**

જેના મુખમાંથી ભૂલથી અજાણતા પણ રામનું નામ નીકળે તો તેને મારા શરીરની ચામડીના પગરખા બનાવીને પહેરાવું. માટે સાર એ જ છે કે મહિમા રાખીએ તો દ્રોહથી બચી શકાય. પરહિત સરિસ ધરમ નહિ ભાઈ, પરપીડ સમ નહિ અધમાઈ - સંત તુલસીદાસ

બીજાનું હિત કરવું તેના જેવો કોઈ ધર્મ નથી અને બીજાને પીડા પમાડવી તેના જેવો કોઈ અધર્મ નથી.


**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.swaminarayanmandirtorda.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
ઈડર : www.gopinathjiidar.com
નારણપુરા : www.sankalpmurti.org
ધોળકા : www.swaminarayanmandirdholka.co.in

શ્રી સ્વામિનારાયણ

# શું ભગવાનને પણ સોગન (સમ) ખાવા પડે ?

- જયંતિભાઈ કે. સોની (મેમનગર-અમદાવાદ)

જ્યારે પોતાની સાચી વાતને પણ સામવાળા માનવા તૈયાર ન હોય ત્યારે પોતાની વાતને સચોટપણે સામેનાને ગળે ઉતારવા છેલ્લા ઉપાય તરીકે પોતાના પ્રિય સ્વજનના સોગન ખાવા પડતા હોય છે. કોઈ પોતાના પિતાના કે માતાના કે પુત્રનાં સોગન (સમ) ખાતા હોય છે. સમ ખાઈને પોતાની વાત મનાવવા પ્રયત્ન કરવામાં આવે છે. આ તો જગતની વાત થઈ પણ ભગવાનને પણ સમ ખાવા પડે ? હા, પોતાના આશ્રિત જનોને પોતાના સ્વરૂપની જેમ છે તેમ ઓળખાણ થવામાં ખામી ન પડે તે માટે સમ ખાઈને વાત દ્રઢપણે જીવમાં ઉતારવાનો આગ્રહ છે. બધા સાધનો સારા કર્યા હોય પણ મહારાજની સ્વરૂપ નિષ્ઠાની જો ખામી હોય તો કોઈપણ સંજોગોમાં અક્ષરધામમાં પ્રવેશ મળે નહિ. એટલા માટે મહારાજે પોતાના પુરુષોત્તમ પણાની વાત નીચેના વચનામૃતમાં સમ ખાઈને કરી છે.

**ગઢડા મધ્યનું ૧૩ મું વચનામૃત** : જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે, એમ જાણજો અને જો એમ ન જણાય તો અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે. એમ જાણશો તો પણ તમારુ કલ્યાણ થશે. વિશેષ ભારપૂર્વક મહારાજ કહે છે કે આ વાત નિત્યે નવીને નવી રાખજો, ભગવાનની બીજી જે વાતો કરો તેમાં આ વાતનું બીજ લાવજો. કારણ આ વાત સર્વ શાસ્ત્રનો સિધ્ધાંત છે અને અનુભવમાં પણ એમજ વર્તે છે. અને અમે પ્રત્યક્ષ જોઈને આ વાત કરી છે અને જો પ્રત્યક્ષ જોઈને ન કહી હોય તો **અમને સર્વ પરમહંસના સમ છે.** આમ મહારાજે પોતાના પુરુષોત્તમપણાની વાત સર્વ પરમહંસના સમ ખાઈને કરી છે જેથી તેમાં શંકા-કુશંકા કે તક કે વિતર્કનો કોઈ અવકાશ જ ન રહે.

**વચનામૃત મધ્ય-૩૩** : નિષ્કામી વ્રતની દ્રઢતા કરવા પોતાના મિષે વાત કરી છે કે જે દિવસથી અમે જન્મ્યા છીએ તે દિવસથી આજ પર્યંત કોઈ દિવસ જાગ્રતમાં કે સ્વપ્નમાં દ્રવ્યનો કે સ્ત્રીનો ભૂંડો ઘાટ થયો હોય તો આ સમગ્ર પરમહંસના સમ છે. પોતાના આશ્રિતજનોના નિષ્કામી વર્તમાન દ્રઢ કરાવી આત્યંતિક કલ્યાણનાં શુભ હેતુથી સમ ખાઈને વાત સુદૃઢ કરે છે.

**વચનામૃત અંત્ય-૨** : સત્સંગ કરીને હું જેવો વશ થાઉ છું તેવો કોઈ સાધનથી વશ થતો નથી. હવે સત્સંગ તથા સત્પુરુષોનો સંગ પ્રાપ્ત થયો છે તો પણ જેમ છે તેમ નથી સમજાતું તો અતિ મંદ બુદ્ધિવાળા છે પોતાના સ્વરૂપને વિશેષ સમજાવતા કહે છે કે જેવી બદ્રીકાશ્રમમાં સભા છે, જેવી ગોલોક વૈકુંઠમાં સભા છે તેથી પણ આ સત્સંગીની સભા (અક્ષરધામની) ને અધિક જાણું છું. એમાં લગારે મિથ્યા  કહેતા હોય તો આ સંત સભાના સમ છે. સમ શા સારુ ખાવા પડે છે. કારણ સર્વેને એવું અલૌકિકપણું સમજાતું નથી અને દેખવામાં પણ આવતું નથી. તે સારુ સમ ખાવા પડે છે. આ જીવને પરોક્ષને વિષે પ્રતિતિ છે તેવી પ્રત્યક્ષ (અમારા વિષે) દ્રઢ પ્રતિતિ થતી નથી તે સારુ સમ ખાવા પડે છે. પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ જે દેહમુકીને પામવાના હતા તે તો દેહ છતાંજ મળ્યા છે. જેને પરમપદ કહીએ કે મોક્ષ કહીએ. આમ પોતાના પુરુષોત્તમપણાની વાત દ્રઢપણે સમજાવવા મહારાજને સંત સભાના સમ ખાવા પડે છે. જેનું ધામ સર્વથી પર હોય તો તેમના સ્વામિ સર્વોપરી હોય જ.

**વચનામૃત અંત્ય-૨૧** : અહિં પણ પોતાનું પુરુષોત્તમપણું સમજાવતા કહે છે કે, જેવા શ્વેતદ્વિમાં, વૈકુંઠમાં, ગોલોકધામને વિષે ભગવાનના પાર્ષદ છે તેવા આ સર્વે સત્સંગી છે. અને અમે તો **સર્વથી પર** જે દિવ્ય અક્ષરધામને વિષે ભગવાનના પાર્ષદ છે તે જેવા જો આ સત્સંગીને (સ.ગુ. ગોપાળાનંદ સ્વામી) ન જાણતા હોય તો અમને ભગવાન કે ભગવાનનાં સમ છે. આમ પોતાની સર્વોપરી સ્વરૂપની નિષ્ઠાને દ્રઢ કરાવવા સમ ખાય છે.

આટ આટલા સમ મહારાજ ખાય છે. શું કામ ? પોતાના આશ્રિતજનોને પોતાની સર્વોપરી સ્વરૂપની ઉપાસના દ્રઢ કરાવવા જેમાં કોઈ શંકા-કુશંકા કે તર્ક વિતર્ક રહેજ નહિ. સર્વોપરીની ઉપાસના વગર ધામની પ્રાપ્તિ કેવી રીતે થાય? માટે આપણા આત્યંતિક કલ્યાણમાં કોઈપણ પ્રકારની ખામી ન રહે તે માટે જે શ્રીજી મહારાજને વારંવાર સમ ખાઈને વાત સમજાવવી પડે છે. સર્વોપરી વાતને વિશેષ દ્રઢ કરાવતો પ્રસંગ આપણે હવે જોઈએ. સપ્ટેમ્બર-૨૦નાં આપણા સ્વામિનારાયણ માસિકમાં આપણા કાલુપુર સ્વામિનારાયણ મંદિરના પૂ. મહંત સ્વામી શાસ્ત્રી નિર્ગુણદાસજીનાં લેખમાં સ.ગુ. નિત્યાનંદ સ્વામીનો **"અષ્ટપદીયમ"** અષ્ટકને સરળ ગુજરાતીમાં અનુવાદ કરી સમજાવી છે. જેમાં નિત્યાનંદ સ્વામી કહે છે પોતાને મળેલા ભગવાનના સ્વરૂપને ઓળખવું અને તેની ઉપાસના કરવી અને પ્રત્યક્ષ પરમેશ્વરનાં સ્વરૂપની મૂર્તિમાં જે વિશ્વાસ થવો તે સામાન્ય વિચારમાં આવતું નથી. અનેક પ્રકારની શંકા-કુશંકા તર્ક વિતર્કમાં જ્ઞાન સમજણ અને મસ્તિકમાં અટવાઈ જાય છે. મોટા મોટા પંડિતો, વિદ્વાનો, સંતો, મહાત્માઓ કે સિદ્ધપુરુષો પણ નિર્ણય કરી શકતા નથી.

નિત્યાનંદ સ્વામીએ આ વાત ઘણા વર્ષો પૂર્વ કરી છે તે આજ દ્રશ્યમાન થાય છે. મહારાજે પોતના પુરુષોત્તપણાની વાત સ્વમુખે પોતે સમ ખાઈને કરી હોવા છતાં આજ સંપ્રદાયમાં મહારાજને જેમ છે તેમ ઓળખવા એટલે કે સર્વોપરી સર્વ અવતારના અવતારી છે તેમ માનવામાં શંકા-કુશંકા કે તર્ક વિતર્ક કરતા જોવા મળે છે. શ્રીજી મહારાજ પોતે વચનામૃતમાં કહે છે આવો શુધ્ધ સંપ્રદાય અને સત્પુરુષો પ્રાપ્ત થવા છતાં જેમ છે તેમ નથી ઓળખી શકતા તે તો મંદબુધ્ધિવાળા છે. એટલા માટે મહારાજ મધ્યનાં-૧૪ માં વચનામૃતમાં ભારપૂર્વક કહે છે જેને ભગવાનનાં સ્વરૂપનો નિશ્ચય છે તે સર્વે નિર્ગુણ છે અને ધામને પામશે. અને આવો નિશ્ચય ન હોય તે અતિશે ત્યાગી હોવા છતાં માયિકગુણો સગુણ જાણવા. અને અંતે જતા ભૂંડી દશાને પામશે. માટે મહારાજે સમ ખાઈને પોતાનું સ્વરૂપ સમજાવ્યું છે તેમાં ક્યારેય શંકા-કુશંકા કે તર્ક-વિતર્ક ક્યારેય ઉભા કરવા નહિ મોંઘો મનુષ્ય દેહ મળ્યા પછી પણ આપણો મોક્ષ ન થઈ શકે તો મનુષ્ય જન્મની મોટી ખોટ કહેવાય. માટે સમજુ ભક્તો મહારાજે કહ્યાં પ્રમાણે જ સ્વરૂપ નિષ્ઠા દ્રઢ કરી મોક્ષ પાકો કરી લેવો.

## ધનુર્માસનો વિશેષ સત્સંગ

### તા. ૧૬-૧૨-૨૦૨૦ થી તા. ૧૪-૦૧-૨૦૨૧

**પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધનુર્માસ ધૂન મહોત્સવ**

ભરતખંડના રાજાધિરાજ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી અને પૂજનીય સંતોની ઉપસ્થિતિમાં અને હવેલીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની શુભ આજ્ઞાથી ધનુર્માસ ધૂન મહોત્સવ ઉજવાશે. સમગ્ર માસ દરમ્યાન કડકડતી ઠંડીમાં આપણા ઈષ્ટદેવશ્રી સ્વામિનારાયણ ભગવાનના મહામંત્રનો જાપ લેવાનું આપણને સદ્‌ભાગ્ય મળ્યુ છે. આ એકજ અવસર એવો છે કે સમયસર ટાઈમ ટેબલ પણ સચવાય અને ભગવાનનું નામ લેવાય અને તે બહાને વહેલા જાગીને ઓન લાઈન ધૂનમાં જોડાવું ખરૂને ભક્તો ! અને હા, યજમાન બનવાનો પણ લાભ લેવાય.

હાલના કોરોના મહામારીના કારણે સરકારશ્રીની માર્ગદર્શિકા પ્રમાણે માસ્ક ફરજીયાત પહેરવું અને સોશ્યલ ડિસ્ટનશન જાળવવું.

- મહંત સ્વામી

## કીર્તનની કેડીએ

# સહજાનંદ સુખકારી રે...

- અતુલ પોથીવાલા (અમદાવાદ)

**સહજાનંદ સુખકારી રે, સલુણી છબી**
**વેદાંતી અરૂપી કહે છે, ન્યાય અનુમાને લે છે**
**તે વ્હાલો સંતોમાં રહે છે રે ........ સલુણી છબી**
**નિગમ કહે અનુમાને, મુનિવરનાં દયાને ના'વે,**
**વ્હાલો તે આ ભીને વાને રે ........ સલુણી છબી**
**સર્વ કરતો સર્વાધારો, સર્વમાંહી સર્વથી ન્યારો**
**પ્રગટ રૂપ તે આ પ્યારો રે ........ સલુણી છબી**
**જગજીવન અંતરયામી, નામ સર્વનો છે નામી,**
**તે આ બ્રહ્માનંદનો સ્વામી રે ........ સલુણી છબી**
**(બ્રહ્માનંદ સ્વામી)**

બ્રહ્માનંદ સ્વામી રચિત આ અતિ પ્રસિધ્ધ કીર્તનની અંતઃસ્ફુરણા નો ચરિત્ર પ્રસંગ સત્સંગમાં સુવિખ્યાત છે.

ભૂજના માંડવી શહેરમાં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ અને પ્રખર વેદાંતી એવા ખૈયા ખત્રી વચ્ચે શાસ્ત્રાર્થ - સભા યોજાય છે અને બ્રહ્માનંદ સ્વામી શ્રીજી મહારાજની આજ્ઞાથી અને એમની જ પ્રેરણાથી ખૈયાના સર્વે પ્રશ્નોનું યથાર્થ સમાધાન કરે છે. અને પછી તો ખૈયો ખત્રી પોતાના શિષ્યો સહિત શ્રીહરિનો આશ્રિત બને છે.

અને ત્યાં ને ત્યાં જ એ સભામાં બ્રહ્માનંદ સ્વામી ઉભા થઈ શ્રીહરિને પગે લાગી એમની સન્મુખ હાથનો ઈશારો કરીને જાણે ખૈયા ખત્રી અને સમગ્ર સભાજનોને શ્રીહરિ સ્વરૂપનું જ્ઞાન પીરસતા હોય એમ એક પછી એક કડી ગોઠવતા જાય છે. અને સુંદર રાગે કીર્તનની રસ લહાણ વહે જાય છે.

''આ ઉંચા આસને બિરાજમાન અને સલુણી છબી સ્વરૂપે દર્શન આપી રહેલા શ્રી સ્વામી સહજાનંદજી મહારાજ જ આપણા સૌના ભગવાન છે. આપણા સુખકારી અને સુખદાતા છે.

(હે ખૈયા ખત્રી, તારા જેવા) વેદાંતી જેને અરૂપી કહે છે અને પરમેશ્વરના સાકાર રૂપને સ્વીકારવા જ તૈયાર નથી. અને ઈશ્વર હશે કે નહીં હોય એના અનુમાનોમાં જ અટવાયા કરે છે, તે જ ઈશ્વર - તે જ આ સ્વામિનારાયણ ભગવાન અમે જેવા સંતોમાં સાક્ષાત્ બિરાજમાન રહે છે. (અને એમના ઐશ્વર્ય પ્રતાપથી જ તને તારા સંશયોના ઉત્તર અમે આપ્યા છે.)

સમગ્ર સૃષ્ટિમાં વ્યાપેલું નિગમ પણ ઈશ્વરના અસ્તિત્વ માટે અનુમાન કર્યા કરે છે. છતાં કોઈ તાગ પામી શકતું નથી. મુનિવરો અને મોટા મોટા ઋષિમુનિઓ પણ પરમાત્માનાં સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટે અનંત વર્ષો પર્યંત તપશ્ચર્યા કરતા રહે છે. છતાં એ સ્વરૂપને પામી શકતા નથી. પરંતુ આપણા સૌના ભાગ્ય તો જુઓ ! આજે એ જ વ્હાલો પરમેશ્વર આ ભીને વાને આપણા સૌની સામે પ્રત્યક્ષ બિરાજી રહ્યો છે.

પ્રગટ બિરાજમાન આ સહજાનંદ સ્વામી કેવા છે તો સર્વ કહેતાં સર્વને ધારણ કરનારા છે. સર્વમાં વસેલા હોવા છતાં સર્વથી ન્યારા છે ! શ્રીહરિના અન્વયપણા અને વ્યતિરેકપણા ના સ્વરૂપને સમજાવતી આ કડીમાં સ્વામી કહે છે કે આ પ્યારું પ્યારું પ્રગટ સ્વરૂપ જ આપણા સૌનું જીવન છે.

આ શ્રી સ્વામિનારાયણ ભગવાન એ આપણા જગજીવન છે - સર્વેના અંતર્યામી છે. સર્વે નામના નામી અને સર્વે ધામના ધામી છે. અને આ જ શ્રી સહજાનંદ સ્વામી આ બ્રહ્માનંદનાં પણ સ્વામી છે - ઈષ્ટદેવ છે અધિષ્ઠાતા છે.

આ સમગ્ર કીર્તનનો આસ્વાદ જ એવો છે કે કેવી હશે માંડવી શહેરની રળિયામણી રેતી ઉપરની એ શાસ્ત્રાર્થ સભા - કેવો હશે એ માહોલ - પ્રખર વેદાંતી ખૈયો ખત્રી જ્યારે શ્રીહરિના ભગવાનપણાનો સ્વીકાર કરીને ઢગલો થઈને એમનાં ચરણોમાં ઢળી પડે છે. ત્યારે શ્રીહરિના એ ઐશ્વર્ય સ્વરૂપની આભા કેવી હશે - એ સ્હેજે સ્હેજે અનુભવી શકાય છે.

આવાં કીર્તનોની કડીઓ જ આપણા ''કલ્યાણની કેડી'' બની રહે છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ

**ઓક્ટોબર - દાન - ભેટ**

| | |
|---|---|
| રૂા. ૧,૦૦,૦૦૦/- | અ.નિ. પ.ભ. નાથજીભાઈ ઈચ્છારામ શુક્લ - અમદાવાદ તથા અ.નિ. પ.ભ. મણિલાલ લક્ષ્મીદાસ ભાલજા તથા અ.નિ. પ.ભ. નંદલાલભાઈ ભાલચંદભાઈ કોઠારી મંડળના હેતરૂચિવાળા હરિભક્તો તરફથી. |
| રૂા. ૫૧,૦૦૦/- | અ.નિ.નાથજીભાઈ ઈચ્છારામ શુક્લ - અમદાવાદ તથા અ.નિ. ઈશ્વરલાલ લાભશંકર પંડયાની દિવ્ય પ્રેરણાથી હ. શ્રીમતી સયુકતાબેન શાહ |
| રૂા. ૧૦,૦૦૦/- | શ્રી જયેશભાઈ ચંદુભાઈ પટેલ - ખેરવા (જતના) |
| રૂા. ૫,૫૫૫/- | વિહાન ચૌહાણ (કાચા ટેલર્સ) લેસ્ટર યુ.કે. પાંચમા જન્મ દિવસ નિમિત્તે હ. મુળજીભાઈ |
| રૂા. ૫,૧૨૧/- | અ.નિ. પ.ભ. મણીલાલ લક્ષ્મીચંદભાલજા સાહેબની ૧૧૮મી વર્ષગાંઠ નિમિત્તે |
| રૂા. ૫૦૦૧/- | સંગીતાબેન રાજેશભાઈ પટેલ - મણીનગર હ. પાર્થ તથા હિરલ તથા પ્રિન્સીબેન |
| રૂા. ૫,૦૦૦/- | વસુબેન સી. વ્યાસ - જેતપુર |
| રૂા. ૫,૦૦૦/- | શ્રી દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ - અમદાવાદ |

**નવેમ્બર - દાન - ભેટ**

| | |
|---|---|
| રૂા. ૪,૧૧,૦૦૦/- | પ.ભ. ડૉ. નરેન્દ્રભાઈ ભાવસાર પરિવાર - મહેસાણા |
| રૂા. ૧,૧૧,૦૦૦/- | પ.ભ. પટેલ જનાર્દન મગનભાઈ પટેલ - કલોલ |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | પ.ભ. પંકજભાઈ પટેલ - વડોદરા |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | અ.નિ. પ.ભ. નાથજીભાઈ ઈચ્છારામ શુકલ તથા અ.નિ. પ.ભ. ઈશ્વરલાલ પંડ્યાના શિષ્ય મંડળ - નડીયાદ. |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | અ.નિ. કમળાબેન ગજાનંદ જાદવ, અ.નિ. ગજાનંદ જાદવ - હ. રાજેશભાઈ જાદવ - મણીનગર |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | શ્રી મગનભાઈ દામજીભાઈ ભોરણીયા પરિવાર - હ. મમતાબેન ભોરણીયા - મોરબી |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | શ્રી જીતેન્દ્રભાઈ રમણલાલ પટેલ - અમદાવાદ |
| રૂા. ૩૦,૦૦૦/- | શ્રી હરસિન રાજેશભાઈ શાહ - નવરંગપુરા |
| રૂા. ૩૦,૦૦૦/- | શ્રી રાજેશ વિઠ્ઠલદાસ શાહ - નવરંગપુરા |
| રૂા. ૩૦,૦૦૦/- | શ્રી ભગવત વિઠ્ઠલદાસ શાહ - નવરંગપુરા |
| રૂા. ૩૦,૦૦૦/- | શ્રી ધર્મિલ ભગવત શાહ - નવરંગપુરા |
| રૂા. ૩૦,૦૦૦/- | શ્રી હરિવદન વિઠ્ઠલદાસ શાહ - નવરંગપુરા |
| રૂા. ૨૫,૦૦૦/- | શ્રીહરિ કાસ્ટ ઈન્ડસ્ટ્રીઝ - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. લક્ષ્મીબેન કાળીદાસ પટેલ પરિવાર - સરસપુર-અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | ચિ. રીચા તથા ચિ. પ્રાચી, સંદિપ શેઠ - અમદાવાદ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ યજ્ઞની યાદી-ઓકટોમ્બર-૨૦૨૦

### શ્રી યજ્ઞ પૂજન

તા. ૧૪-૧૦-૨૦૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) દરબારગઢ - મોરબી - હ. સાં.યો. રાજકુંવરબા તથા ઉષાબા.

### શ્રી લક્ષ્મીપૂજન

તા. ૧૩-૧૧-૨૦૨૦ અ.નિ. જસુબા જયદેવભાઈ બ્રહ્મભટ્ટ
હ. ભાસ્કરભાઈ તથા રાજદિપભાઈ નારણપુરા - સત્વ તથા સર્વ

### શ્રી હનુમાનજી પૂજન

તા. ૧૪-૧૧-૨૦૨૦ કાળીચૌદશ નિમિત્તે પ્રસાદીના શ્રી હનુમાનજીનું સમૂહ પૂજન -
હ. પરેશભાઈ ઠાકરશીભાઈ પટેલ (ગામી) નવાવાડજ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી-ઓકટોમ્બર-૨૦૨૦

તા. ૦૧-૧૦-૨૦૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું), હર્ષદ કોલોની, બાપુનગર - હ. દાસભાઈ

તા. ૦૨-૧૦-૨૦૨૦ શ્રી બળદેવભાઈ લાલદાસ પટેલ (ઝુલાસણવાળા), નારણપુરા

તા. ૦૩-૧૦-૨૦૨૦ મે. કાચા ટેલર્સ - લેસ્ટર (યુ.કે.) હ. શ્રી મુળજીભાઈ, શ્રી રમણીકભાઈ, શ્રી ચંદુભાઈ તથા શ્રી વિનુભાઈ

તા. ૦૪-૧૦-૨૦૨૦ (૧) શ્રી નર્મદાબેન ખીમજીભાઈ જાકાસણીયા - મોરબી - હ. રવિ તથા હરિકૃષ્ણ તથા દેવ - પ્રેરણા સાંખ્યયોગી રાજકુંવરબા તથા સાંખ્યયોગી ઉષાબા - મોરબી
(૨) અ.નિ. પ્રતાપભાઈ જેચંદભાઈ પાટડીયા - મોરબી - હ. અલ્પેશ તથા ધવલ તથા ભાનુબેન - પ્રેરણા સાંખ્યયોગી રાજકુંવરબા તથા ઉષાબા - મોરબી
(૩) શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - લુણાવાડા.

તા. ૦૭-૧૦-૨૦૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર - એપ્રોચ - બાપુનગર - શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - હ. રમેશભાઈ ખીચડીયા

તા. ૧૦-૧૦-૨૦૨૦ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - ઘાટલોડીયા - હ. દિનેશભાઈ

તા. ૧૧-૧૦-૨૦૨૦ સાંખ્યયોગી કાનબાઈ - ગઢપુર - પ્રેરણા સાંખ્યયોગી મેઘનાબેન, સાંખ્યયોગી જયશ્રીબેન, સાંખ્યયોગી શોભાબેન - ગઢપુર - પ્રેરણા સાંખ્યયોગી રાજકુંવરબા તથા સાંખ્યયોગી ઉષાબા - મોરબી

તા. ૧૨-૧૦-૨૦૨૦ શ્રી દેવેન્દ્રભાઈ રામદાસ પટેલ (લસુન્દ્રાવાળા) - નારણપુરા

તા. ૧૪-૧૦-૨૦૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર - સત્સંગ સમાજ, આર.સી. ટેકનિકલ, ઘાટલોડીયા - હ. રમેશભાઈ કોઠારી.

તા. ૧૫-૧૦-૨૦૨૦ (૧) ગામ કેરાના અ.નિ. સાંખ્યયોગી નાનબાઈ કરશન વરસાણીની પુણ્ય સ્મૃતિમાં ગુરુ સાંખ્યયોગી રતનબાઈનું શિષ્ય મંડળ.
(૨) સાંખ્યયોગી નાનબાઈ ભુડીયા - માનકુવા (કચ્છ)

તા. ૧૬-૧૦-૨૦૨૦ (૧) શ્રી પ્રહલાદભાઈ બેચરદાસ પટેલ (ડાંગરવાવાળા) મેમનગર - હ. કિરીટભાઈ તથા પ્રવિણભાઈ તથા હસમુખભાઈ
(૨) ગોમતીબેન રમેશભાઈ પટેલ (ડાંગરવાવાળા) યુ.એસ.એ. - હ. શ્રી બળદેવભાઈ લાલદાસ પટેલ

તા. ૧૮-૧૦-૨૦૨૦ અ.નિ. નાથજીભાઈ ઈચ્છારામ શુકલ તથા અ.નિ. મણિલાલ લક્ષ્મીદાસ ભાલજા તથા અ.નિ. નંદલાલભાઈ ભાલચંદભાઈ કોઠારી મંડળના હેતરૂચિવાળા હરિભક્તો તરફથી

તા. ૨૫-૧૦-૨૦૨૦ શ્રી દિલીપભાઈ શીવલાલ ઠક્કર - પાટડી

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## કથા સાંભળે એનો ભવ સુધરે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સાચામાં સાચું, સારામાં સારૂં દિવ્ય અમૃત છે કથા, ભગવાનના ચરિત્રો, પરંતુ અજ્ઞાની જીવને એની ખબર જ નથી. ભગવાનની કથામાં શું સ્વાદ છે, એનો શું આનંદ છે? એકવાર કથામાં આવે, ચાખે એટલે કે થોડો પણ અનુભવ લે તો પછી ખબર પડે.

એક ગામમાં પાંચ સંતો ગયા. સત્સંગી ભક્ત બહુ થોડા, બે જ હરિભક્તો હતા. સંતોને કહે છે, ''અહીં રોકાવ અને કાલ જરા અમારી ભિક્ષા સ્વીકારીને જજો.'' સંતોએ તથાસ્તુ કહ્યું. આ ભક્તને વિચાર થયો કે સંતોને ભગવાનના થાળમાં આજે શું આપવું ?? બાજુમાં ચાર ભેંસોના માલિક રહેતા હતા. એ દેસાઈ હતા. એની પાસે જઈને કહે છે, ''દૂધ લાવો.'' કેમ આટલું બધું દૂધ લઈ જાઓ છો ? તો કહે, અમારા સંતો આવ્યા છે ને એટલે મહાત્માઓને દૂધ આપવું છે એટલે જોઈએ છે. તો હું પૈસા નહી લઉં, એમને એમ લઈ જાવ. આ દેસાઈભાઈ ધર્મ ભાવના વાળા હતા. સંતો પાસે દૂધ આપ્યું. સંતોએ ગરમ કરી મેળવી નાખ્યું. દહીં બનાવ્યું અને બીજે દિવસે ભગવાનને ધરાવવા શીખંડ બનાવવાનું નક્કી કર્યું.

પેલા દેસાઈભાઈને એમ થયું. સાધુ મહાત્મા આવ્યા છે, આજે મેં દૂધ આપ્યું છે એટલે જાઉં તો ખરો. થોડો સત્સંગ થશે, સાધુની વાણી સાંભળવા મળશે. સંતો ગામમાં મંદિર નહોતું એટલે હરિભક્તને ઘેર ઉતરેલા. ઘરના ખૂણામાં ઝોળી લટકતી જોઈ એટલે જજ્ઞાસાથી પૂછ્યું - આ શું છે ? તમારૂં આપેલું દૂધ. અરરર.... મારૂં આપેલું દૂધ બગાડ્યું. આ તમે શું કર્યું ? પેલા હરિભક્ત કહે છે - જોયા કરો.

એક સંત કથા વાંચતા હતા અને બીજા સંતે ઝોળી ઉતારીને અંદર ખાંડ નાંખી, ઘુંટી નાખ્યું અને શીખંડ તૈયાર થયો. આ જોઈ દેસાઈભાઈનું મગજ બગડી ગયું. અરરર સાધુ એટલે સાધુ, ભલું થયું સાધુ થયા ઘેર હોત તો ઘર બગાડત. આ સાધુ થયા એમણે મારૂ દૂધ બગાડ્યું. આ કેવું સારૂં ચોખ્ખું દૂધ આપ્યું, આખું દૂધ આપ્યું અને આમણે તો ઘુંટમઘુંટા કરી દૂધના લોંદા કરી નાંખ્યા. ન તો દૂધ રહેવા દીધું કે ના તો ઘી બનાવ્યું.

ત્યાં તો થોડીવારમાં ભગવાનનો થાળ ધરાયો. ''જમો થાળ જીવન જાઉં વારી.....'' અને ભક્તોએ કહ્યું, સ્વામીજી ! આ દેસાઈ ભાઈ અમારી બાજુમાં રહે છે અને ભાવથી દૂધ આપ્યું છે. પૈસા નથી લીધા. સંતે કહ્યું, તેમને રોકો જરા, પ્રસાદ લેતા જાય. સંતોએ શીખંડની પ્રસાદી આપી. તો કહે, આવું બધું ઘુંટો કરેલું અમે ન ખાઈએ. એ અમે તો તાંસળુ ભરીને દૂધ પી જઈએ. પણ આ ઘુંટો ઘુંટો કરીને બનાવેલું આપણને નો ભાવે. પણ આ તો ભગવાનનો પ્રસાદ છે થોડોક તો ચાખો, હરિનો પ્રસાદ છે અને સંતોનું માન રાખવા જાણે ચાખતા હોય તેમ શીખંડમાંથી આંગળી ભરીને મોઢામાં મૂકી. આંખો પહોળી કરી દીધી. વાહવાહ.... આ તો બહુ સરસ છે. લાવો...લાવો...લાવો... અને કિલો શીખંડ આરોગી ગયા. પાછી હોજરી મજબૂત હોય એટલે વાંધો ન આવે. પછી તો જ્યારે જ્યારે એ હરિભક્તો મળે ત્યારે કહેતા, તમારા સ્વામી આવે ત્યારે દૂધ મારી પાસેથી લઈ જજો. શીખંડનો એવો સ્વાદ દાઢમાં ચોટી ગયો.

મિત્રો ! જ્યાં સુધી એણે શીખંડ ચાખ્યો ન હોતો ત્યાં સુધી અભાવ હતો પણ ચાખ્યો ત્યારે એમ થયું કે આમાં તો બહુ સરસ સ્વાદ છે.

પરમાત્માની કથાનું એવું છે - જ્યાં સુધી ચાખ્યું ન હોય ત્યાં સુધી એમ લાગે કે આ સાધુ બેઠા બેઠા ઘૂંટો કર્યા કરે છે. કોણ જાણે શું કહે છે ? બધા સમય બગાડે છે પણ એકવાર ચાખો પછી એમ થાય કે આવવા દે જો. આ તો બહુ સ્વાદિષ્ટ છે. હજુ આવવા દેજો. અને પછી વારેવારે કથા સાંભળવાની આપણને ઈચ્છા થાય. માટે સ્વામિનારાયણ ભગવાને આપણાં રૂડાં માટે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરે કે દરરોજ સાંજે ભગવાનના મંદિરમાં જવું અને ભગવાનની કથા-વાર્તા આદરથી કરવી અથવા સાંભળવી. મંદિર ન હોય તો ઘરમાં પણ કથા-વાર્તા જરૂર કરવી અથવા સાંભળવી. ભાવથી કથા સાંભળે એનો ભવ સુધરે.

## મોટા હરિભક્ત કોણ ?

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાને મધ્યના ૪૧ માં વચનામૃતમાં માનના સ્વાદ વિષે વાત કરી તેના ઉપર મુક્તાનંદ સ્વામીએ તુલસીદાસજીની આ સાખી કહી -

**"કનક તજ્યો કામિની તજ્યો, તજ્યો ધાતુ કો સંગ,**
**તુલસી લઘુ ભોજન કરી, જીવે માનકે રંગ."**

મિત્રો ! મહાત્મા તુલસીદાસજીએ આ અર્થપૂર્ણ સાખીનું સર્જન એક બનાવ પછી કર્યું છે. તમને ખબર છે એ ક્યો બનાવ હતો ? શું કહ્યું ? નથી ખબર ? તો ચાલો બાળમિત્રો આજે તમને એની જ વાત કહું. બહુ ધ્યાનથી વાંચજો.

એકવાર તુલસીદાસજી મહારાજ રસ્તા પર પસાર થતા હતા. ત્યાં તો એક સિપાઈએ બૂમ મારીને રસ્તો દેવા કહ્યું... ઓ મહાત્મા એક બાજુ ખસીજા, રાજાની અસ્વારી આવે છે. તુલસીદાસજી ખસી તો ગયા પણ વિચારવા લાગ્યા. ઓહોહો..... આવડો મોટો વરઘોડો ! આ છે શું ? મહાત્માને ઉત્સુકતા થઈ એટલે બહુ વિનયપૂર્વક સિપાઈને પૂછવા લાગ્યા - અરે રાજપુરૂષ ! આ નગરજનો સાથે રાજાજી કઈ બાજુ પધારે છે ? શું કાંઈ વિશેષ કાર્યક્રમ છે ? સિપાઈ કહે, તમે ભેખધારી છો છતાં તમને પરમસિધ્ધ મહાત્મા વિશે કાંઈ ખબર નથી ? તમારો ભેખ લીધો નકામો. તમે બધા તો જ્યારે ત્યારે ઈચ્છા થાય ને ખાઓ છો જ્યારે એ મહામુનિ તપસ્વી તો અઠવાડીએ એક જ વખત ગુફામાંથી બહાર પધારી દર્શન આપે છે અને એક જ વખત બિલ્કુલ થોડું ભોજન જમે છે. બાકીનું આખું અઠવાડીયું સમાધિમાં ઉતરી જાય છે. આજે એ ગુફામાંથી બહાર આવી દર્શન આપવાના છે તેથી આ હજારો માણસો અને રાજાજી તેમની પૂજા કરવા તેમના દર્શને જઈ રહ્યા છે.

તુલસીદાસજી કહેવા લાગ્યા - હે રાજપુરુષ ! તમે આવા સિધ્ધ મહાત્માની વાત કરી તેથી મને પણ તેમના દર્શન કરવાની ઈચ્છા થઈ છે. હું તેમના દર્શન માટે આવી શકું ? સિપાઈ કહે, હા.....હા.... જરૂર આવો. તમે પણ આ દર્શનયાત્રા સંઘમાં જોડાઈ જાઓ. મહાત્મા તુલસીદાસજી મહારાજ આ સિપાઈની સાથે સાથે ચાલતા જાય છે. અને પેલા અલ્પાહારી મહાત્માની વિશેષતા સાંભળતા જાય છે. પેલો સિપાઈ કહે - થોડા દિવસો પછી રાજાજીનો જન્મ દિવસ છે. તે પ્રસંગે આ મુનિરાજે મહેલમાં પધારવાનું આમંત્રણ સ્વીકાર્યું છે. એ દિવસે રાજા તેમની રાજગુરૂ તરીકે જાહેરાત કરવાના છે. તે દિવસ પછી તો કુશળ વિદેશી ચિત્રકારે તૈયાર કરેલી મહાત્માજીની પ્રતિકૃતિની સેંકડો નકલો સહુ પ્રજાજનોના ઘરે ઘરે પહોંચાડાશે. એમની ઘરોઘર પૂજા થશે. વળી સિપાઈ કહે, તમે તો આખી જીંદગીથી ભેખ લઈને આમ તેમ ભટકો છો છતાં તમને કોઈ પૂછે છે ? જ્યારે આ રાજગુરૂ તો થોડા મહિનાથી જ આવ્યા છે છતાં રાજ્યભરમાં તેમનો જયજયકાર થાય છે.

મહાત્મા તુલસીદાસજીના મનમાં શંકા તો હતી જ પણ આ સિપાઈની વાતો સાંભળી તેમની શંકા વધુ દ્રઢ થઈ. તેથી સાચું શું છે તે જાણવા માટે મહાત્મા તુલસીદાસજી પણ સૌની સાથે આશ્રમમાં ચાલ્યા ગયા. જેવી આ અલ્પાહારી મહાત્મા પર તુલસીદાસજીની દૃષ્ટિ પડી કે તરત જ તેઓ બધું પામી ગયા. તુલસીદાસજીને ખ્યાલ આવી ગયો કે આમા કશું સિધ્ધાઈ નથી પણ માનપાન મળે છે તેના લીધે કીર્તિ, વિજય, માન, સન્માન, સત્કારના સહારે ઓછા આહારે પણ કદાવર કલેવર સાથે આ ગુરુગ્રંથીથી પીડાતો જીવ જીવી રહ્યો છે. જો આનું સન્માન બંધ થાય તો ખબર પડે.

મહાત્મા તુલસીદાસજીના મનમાં જે વિચારો ચાલતા હતા તેની સુવાસ તેમની બાજુમાં રાજાનો દિવાન બેઠો હતો કે જેને પણ આ મહાત્મા પર શંકા હતી. પણ કાંઈ બોલી શકતો ન હતો તેના મનમાં પહોંચી. તેને પણ સતત એ જ વિચારો ચાલતા હતા કે આટલા ઓછા ખોરાક છતાં આમનું સ્વાસ્થ્ય કેમ જળવાઈ રહે છે ? મહાત્મા તુલસીદાસ ત્યાંથી ઉભા થઈ નીકળતા નીકળતા દિવાનને કહેતા ગયા કે "આ માનના આધારે જ જીવે છે...." બસ બહું થઈ ગયું. દિવાન હોંશિયાર તો હતો જ તેણે તો હવે પારખું કરવાનો નિર્ણય લઈ લીધો.

રાજા અને પ્રજાજનો દર મંગળવારે તે તપસ્વીના દર્શને જતા પણ આ વખતે આ દિવાન એકલો સોમવારે આશ્રમમાં પહોંચી ગયો અને તપસ્વીને કહેવા લાગ્યો - હે મહાત્મા હવે રાજા તથા પ્રજાજનો આપના દર્શન-પૂજન કરવા નહી આવે. હવે તો રાજગુરુ તરીકે જે તમારી જાહેરાત થવાની હતી તે પણ નહી થાય. કારણ કે રાજ્યમાં એક બીજા મહાત્મા કાલે આવ્યા છે અને તેમનામાં તો તમારાથી પણ વધારે ચમત્કારો ભર્યા છે. તેમના

(અનુ. પેજ નં. ૨૪ ઉપર)

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "સત્સંગનો હેતુ શું ? તો સંપૂર્ણ વીતરાગતા"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

'કથા', 'સત્સંગ' આ બધું થાય છે **તેનો મુખ્ય હેતુ શું છે ?** તો અંતરમાં વિષય-વાસના (પંચવિષય સંબંધી) કે કસાઈઓ ('કામ', 'ક્રોધ', 'માન', 'માયા', 'લોભ' વિગેરે) જે કાંઈ રહી ગયું હોય તેને દૂર કરવા માટે છે.

ગ.મ.ના ૨૫ માં વચનામૃતમાં મહારાજે પ્રશ્ન પૂછ્યો છે કે એક તો ભગવાનનો ત્યાગી ભક્ત છે, તે ભક્ત દેહે કરીને તો બધા વર્તમાન પાળે છે ને અંતરમાં તો વિષય ભોગવવાની તીખી વાસના છે. અને બીજો ભક્ત છે તેને તો દેહે કરીને ધન સ્ત્રીનો પ્રસંગ છે. ને અંતરથી તો નિર્વાસનિક છે. **તો એ બેય જણા દેહ મુકશે ત્યારે સરખી ગતિને પામશે કે અધિક ન્યુન થશે ?** ત્યારે સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ કીધું કે જે ત્યાગી ભક્ત છે. વર્તમાન પાળે છે. અને દેહે કરીને ભ્રષ્ટ થયા નથી પણ વિષય ભોગવવાની અંતરમાં તીખી વાસના છે એને તો ભગવાન મૃત્યુ લોકને વિષે અથવા દેવલોકને વિષે મૂકશે અને એ વિષય ભોગવીને જ્યારે તૃપ્ત થશે ત્યારે તે વિષય થકી વૈરાગ્યને પામીને મનમાં પશ્ચાતાપ કરીને ભગવાનનું ભજન કરશે પછી નિર્વાસનિક થઈને ભગવાનના ધામમાં જશે અને જે ગૃહસ્થ હરિભક્ત છે તે તો દેહ મૂકશે ત્યારે નિર્વાસનિક છે માટે ભગવાનના ચરણમાં રહેશે.

પછી સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું **જે એવી દ્રઢ વાસના (તીખી વાસના) હોય ને તેની જેને ટાળવાની ઈચ્છા હોય તો તેને ટાળ્યાનો ઉપાય શું છે ?** તો મહારાજે કીધું કે જેવું ઉકા ખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણ માત્ર પણ રહેવાય નહિ. તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે.

પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે **"હે મહારાજ જેણે કરીને ભગવાન અતિશે રાજી થાય એવું ક્યું સાધન છે ?"** તો મહારાજે કીધું કે જ્યારે ઘરમાં એક મણ અન્ન મળતું હોય ત્યારે જેવી સંતની ઉપર પ્રીતિ હોય ને જેવું દીનપણું હોય અને પછી તેને સર્વે પૃથ્વીનું રાજ્ય આવે તો પણ સંતની આગળ તેવો ને તેવો જ દીન આધીન રહે અને ત્યાગી હોય ને તે જેવો પ્રથમ ગરીબ હોય અને જેમ સૌ સંતની ટેલ ચાકરી કરતો હોય તેવી ને તેવી જ પોતામાં ભગવાનના જેવા ઐશ્વર્ય આવે તો પણ કરતો રહે પણ સાધુ સાથે બરોબરિયાપણું કરે નહિ એવા જેના લક્ષણ હોય તેની ઉપર ભગવાન અતિશે રાજી થાય છે. તો આપણને આ બધું મહારાજે વચનામૃતમાં સમજાવ્યું છે. આપણે બધું જાણીએ છીએ છતાં ખાડામાં પડ્યા રહ્યા છીએ તો આપણે કેવા છીએ તો જેમ નાનું બાળક અચાનક ખાડામાં પડ્યું હોય અને બહાર નીકળવા માટે જોર જોરથી રડતું હોય તો ત્યાંથી કોઈ પણ વ્યક્તિ નીકળે ભલે ગમે તેટલો કઠોર વ્યક્તિ હોય તો પણ તેને દયા આવી જાય છે અને બાળકને બહાર કાઢી લે છે.

અને બીજી બાજુ એક બાળક છે જે ગંદા પાણીમાં રમે છે. અને તે બાળકને એ રમત લાગે છે. તો કોઈ વ્યક્તિ જોઈ લેશે તો તેને બહાર કાઢશે અને કહેશે કે આમા ન રમાય બધું ગંદુ થાય, અને બાળક રડવા લાગશે તો રસ્તે ચાલતા માણસને લાગશે કે આપણે એ બાળકને કાઢશું ત્યારે એ બાળક રડશે. તો જોઈને હસીને નીકળી જાય છે કે એ બાળકને ખબર પડતી નથી માટે ગંદામાં રમે છે.

તો એવી રીતે આ જીવની એવી જ **'દશા'** છે. આ માયારુપી વિષય વાસનારુપી ગંદા પાણીમાં આપણે રમીએ છીએ તેમાં અમુકને **આ સંસારના સંસર્ગમાં મજા આવે છે. અને અમુક વ્યાકુળ થઈને રડે છે.** તો જે વ્યાકુળ થઈને રડે છે એને ભગવાન કાઢી લે છે. ને જેને મજા આવે છે ને રડતા નથી. નાના બાળકની જેમ આપણને એમાંથી બહાર કાઢે તો રડીએ છીએ તો તેને કાઢવા માટેની ભગવાન બીજી રીત અપનાવે છે. આપણને જે વિષય-વાસના કે વસ્તુ પ્રત્યે આસક્તિ છે. એને છીનવી લે છે તો પણ આપણે દુઃખી થઈને રડીએ છીએ કે મહારાજે મારુ લઈ લીધું, તો કહેવાનો અર્થ છે કે **આપણે વાસનામાં ફસાયા હોય તો લોકો આપણી અજ્ઞાનતા**

**ઉપર હસે છે. જ્યારે મહારાજ એટલા દયાળુ છે કે આપણને એમાંથી કાઢી લે છે. પણ મહારાજની કાઢવાની રીત જુદી છે. મહારાજ આપણને અનાસક્ત બનાવે છે. આપણને દુઃખ આપી આપણી વૈરાગ્યની ભાવનાને દૃઢ કરાવે છે.** પણ તરફડિયા મારીએ છીએ એવું થવું જોઈએ. આ બધામાંથી મને બહાર કાઢો એવી અંદરથી ભાવના થવી જોઈએ. અંદરથી એવી પ્રાર્થના થવી જોઈએ. અંતરથી બે આંસુના ટીપા પડશે તો મહારાજ કાઢી લેશે. જેવી રીતે માતા હોય છે તે જુએ છે કે મારુ બાળક ગંદા પાણીમાં રમે છે. તો કાઢી લેશે ભલે રડે તો પણ કાઢી લે છે. **તો આપણા જીવનમાં વિપરીત પરિસ્થિતિ આવે ત્યારે એ જ વિચારવાનું કે ભગવાન મને આ બધામાંથી બહાર કાઢે છે. અને એટલું ખાસ ધ્યાન રાખવાનું કે આપણે ભલે આ સંસારમાં રહેતા હોય પણ અંતરથી એવી ભાવના હોવી જોઈએ કે આમાથી બહાર નીકળી ભગવાન સુધી પહોંચવું છે.**

જીવનમાં ત્રણ વસ્તુ એવી રાખવાની કે જેનાથી તમારું જીવન સરસ ચાલે **'વિચાર', 'પ્રેમ', 'નિયમ'.**

**(૧) વિચાર :** તો તમારી બુદ્ધિમાં પવિત્ર વિચાર હોવો જોઈએ. **વિચારો હંમેશા 'પવિત્ર' રાખવા માટે પ્રયત્ન કરવાનો. કેમ કે ?** મહારાજે આપણને આ સત્સંગની **'અમૂલ્ય'** ભેટ આપીને દરેક સત્સંગીને એટલી સમજણ આપી દીધી છે કે આપણા મનમાંથી આવતા દરેક વિચાર સાથે આપણે ભળવાનું નથી. કારણ શરીરની અંદર પડેલા સંચિત કર્મોને આધારે મનોગ્રંથીમાંથી અનેક વિચારો ઉદ્ભવશે પરંતુ ક્યા વિચારોમાં ભળવું તે આપણે નક્કી કરવાનું છે.

**(૨) પ્રેમ :** તો તમારા અંતરમાં **'શુધ્ધ પ્રેમ'** હોવો જોઈએ. 'શુધ્ધ પ્રેમ' એટલે સંપૂર્ણ વીતરાગતા જેટલા અંશે 'વિતરાગ' થવાય એટલા અંશે અંદરથી 'શુધ્ધ પ્રેમ' પ્રગટ થાય છે. **સંપૂર્ણ વીતરાગતા એટલે 'શુધ્ધ વૈરાગ્ય' જેની વ્યાખ્યા મહારાજે શિક્ષાપત્રીમાં કરી છે. ભગવાન સિવાય અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે 'શુધ્ધ વૈરાગ્ય' છે. જે સંપૂર્ણ અનાસક્ત ભાવ છે.** બાકી શાસ્ત્રમાં ઘણા પ્રકારના વૈરાગ્ય બતાવ્યા છે. તો આ સત્સંગના માધ્યમથી ભગવાન સિવાય ક્યાંય 'રાગ' નહિ એવી **'સંપૂર્ણ વીતરાગતા'** કેળવવાનો સતત પ્રયત્ન કરવાનો છે.

**(૩) નિયમ :** તો રાત્રે સૂતા પહેલા ભગવાનનું સ્મરણ કરીને સૂવાનું કે આખો દિવસ આપ મારી સાથે રહ્યા તો મારો દિવસ સારી રીતે પસાર થયો એમ ભગવાનને ધન્યવાદ આપવાના અને સવારે જાગો ત્યારે પણ ભગવાનને યાદ કરવાના કે આખી રાત આપે મારી રક્ષા કરી. કેમ કે ? તો જ સવારે જગાય છે. અને રસોઈ બનાવ્યા પછી ભોજન નૈવેદ્યના રૂપમાં ભગવાનને ધરાવીને પછી જમવાનું એવું રાખીએ તો અભક્ષ્ય વસ્તુ આપોઆપ છૂટી જાય છે. કેમ કે ? જે રસોઈ ભગવાનને ના ધરાવાય તે મારાથી કેમ જમાય એવું અંદરથી થાય છે.

આમ સવારે જાગવાનું રાત્રે સૂવાનું અને ભોજન બધું ધર્મમય થઈ જશે ત્યારે ભક્તિ કરવાનું આપોઆપ મન થશે. અને ભક્તિ થાય એટલે **'આત્મા સંબંધી જ્ઞાન ધીમે ધીમે પ્રગટ થાય છે.'** અને આત્મા સંબંધી જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે આપણે બધું હોવા છતાં **'અનાસક્ત'** રહી શકીએ છીએ. તો આ સત્સંગ કરવાનો હેતુ એ જ છે કે **'અનાસક્તિ'** આવે અને આપણે અનાસક્ત થઈએ અને આપણું અંતર ચોખ્ખુ થાય ત્યારે જ ભગવાન રાજી થાય છે. જગતની વિષય વાસના અને કસાઈઓ એ બધું ભગવાન સંબંધી વ્યસનથી જ ટળે છે તો મહારાજ તમારા બધાની વૈરાગ્યની **'ભાવના'** દૃઢ કરાવે એ જ મહારાજના ચરણોમાં પ્રાર્થના.

●

### પ્રભુ ઉપર પૂર્ણ વિશ્વાસ

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

ગામ કંથકોટના પદમશી શેઠ પરમ એકાંતિક ભક્ત હતા. વડતાલમાં શ્રીજી મહારાજને મુગટ ધારણ કરવાનો સમય થવાનો હતો. પદમશી ભક્તને ગામનાં હરિભક્તોએ વાત કરી. ચાલો આપણે સહુ સાથે મળીને સમૈયાનાં દર્શન કરવા વડતાલ જઈએ. બાઈઓ અને ભાઈઓ સમૈયામાં જવા તૈયાર થયા. ગાડામાં સર સામાન રાખ્યો ને પગપાળા ચાલતા થયા. આનંદથી રસ્તામાં કીર્તન, ગાતા ગાતાં જાય છે.

**"હું તો જાઈશ ગીરધર જોવા રે, મા મને વારીશ માં,**
**મારા ઉરમાં છબીલાજીને જોવા રે, મેણેલ મારીશ માં.**
**જાઈશ જોવા હું તો નંદજીનો લાલો,**
**હાંરે મને પર સનેહી લાગે વહાલો રે, મા મને....**

ગામ કટારિયાના રણમાં આવ્યા, મધ્ય રાત્રી થઈ ગઈ છે ત્યાં અચાનક સાત-આઠ લૂંટારા પહોંચી આવ્યા હાકલ મારી ખબરદાર જ્યાં છો ત્યાંજ ઉભા રહો, માર્યા વિના મુકશું નહી. ચારે બાજુ ઘેરી વળ્યા. યાત્રાળુ ધ્રુજી ગયા. ઓચિંતુ શું થયું. હવે આપણું શું થશે. લૂંટારા ક્રોધથી બોલ્યા. તમારો તમામ સામાન અમને આપી દો નહિતર

મારી નાંખશું. ભક્તજનો રડતા હૃદયે પ્રભુને પોકાર કરે છે.

**''પ્રભુ દુઃખ દરિયામાંથી તારો,**
**વહાલા આ સમયે વહેલા પધારો,**
**સંકટથી બચાવો મુરારી,**
**લેજો અંતરજામી ઉગારી.''**

ભગવાન મદદમાં આવી ગયા. હણહણાટ કરતો ઘોડો પ્રગટ થયો. પ્રભુ તે ઉપર સવાર થયા છે. જરકશીયા જામા, પીળું પીતાંબર માથે મુગટ હાથમાં ઢાલ, તલવાર ને ભાલું. સાથે પચાસ કાઠી ઘોડેસવાર દરબાર પ્રભુએ પડકાર કર્યો, સબુર, જો મારા ભક્તને અડ્યા છો તો જાનથી મારી નાંખીશ તલવાર ફેરવતા જાય અને કહેતા જાય. ચોર ને ભાલા ભરાવ્યાં, ચોર ધ્રૂજી ગયા. શેર નો સવા શેર આવી ગયો છે. પાપીયા અમારા ભક્તને લૂંટો છો જીવતા જવા નહિ દઉં, ચોર આજુ-બાજુ ભાગવા માંડ્યા પણ ચારે બાજુ કાઠી ભાલા લઈને ઉભા છે. જાય ક્યાં.......

ચોર કોઈ દિવસ જલદી રડે નહી. પણ ભાલા ખાધા તેથી સીધા નેતર થઈ ગયા. રડતાં રડતાં કહે છે. અમારી ભૂલ થઈ છે. હવે કોઈ દિવસ ચોરી-લૂંટફાંટ નહિ કરીએ અમે તમારા ચરણે ને શરણે છીએ. પ્રભુએ કહ્યું. તમે આજ સુધી કેટલાં માણસોને મારી કૂટીને ધન માલ લૂંટી હેરાન કર્યા છે. પાપી, કોઈને મદદ ન કરો તો વાંધો નહિ પણ દુઃખી ન કરો. કોઈને જીવન ન આપી શકો તો વાંધો નહિ, પણ દુઃખી તો ન કરો. કોઈને જીવન ન આપી શકો તો કાંઈ નહિ, પણ કોઈનું જીવન સમાપ્ત ન કરીએ. આજથી પ્રતિજ્ઞા લો, હવે થી અમે લૂંટફાટ નહિ કરીએ. મહેનત કરીને ગુજરાન ચલાવશું.

શ્રીજી મહારાજે હરિભક્તોને કહ્યું, તમે કાંઈ ચિંતા કરશો નહિ, અમે તમારા સાથે જ છીએ, સુખેથી વડતાલ જાવ, ત્યાં અમે મળીશું, આટલું કહેતાં પ્રભુ અદૃશ્ય થઈ ગયા. શ્રીજી મહારાજ પોતાના ભક્તોની હંમેશા રક્ષા કરે છે. અર્જૂનની સહાયમાં પરમાત્મા શ્રીકૃષ્ણ થયા તો ભીષ્મદાદા જેવા બળવાન યોધ્ધાઓને એણે સંગ્રામમાં જીતી લીધા. ભગવાનની સહાયથી શું ન થાય ? હું જીત્યો એમ શૂરવીર ભક્ત કહેતો નથી. અહં નથી તેથી ઉગર્યા. અને આપણે અહંમાં ડૂબ્યા છીએ. અભિમાન મૂકીને પ્રભુ ભજો.

હું હું કરતાં ન મળ્યા હરિ, જઈ ભોગવે ચોરાસી ફરી. જેને સત્સંગમાં આગળ વધવું હોય તેમણે સર્વમાંથી ગુણ લેતા શીખવું.

**નકામી કુથલી કેટલી કરી.**
**ધર્મનું કાર્ય કેટલું કર્યું, તપાસ કરો......**

ભક્તને ભીડ પડે ત્યારે પ્રભુ બખતર બનીને રક્ષા કરે છે. શરત એટલી કે પ્રભુ ઉપર પૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ.

અનુ. પેજ નં. ૨૧ નું ચાલુ

ચમત્કારોથી પ્રભાવિત થયેલા રાજાએ તેમને રાજગુરુ તરીકે સ્વીકાર્યા છે. હે મહાત્મા ! મને તો આપના પ્રત્યે ભાવ છે તેથી એક દિવસ વહેલા હું તમારા દર્શન આવી ગયો કારણ કે કાલે તો મારાથી પણ તમારા દર્શને નહી આવી શકાય.

દિવાન આટલી વાત કરી બહાર આવી ગયો અને પોતાના ગુપ્તચરોને આગળ શું બને છે તેના પર બરાબર નજર રાખવાની સૂચના આપી પોતાને ઘરે ગયો. મંગળવારે વહેલી સવારે ગુપ્તચરોએ દિવાનને ખબર આપ્યા કે - ''સિધ્ધમુનિ આખી રાત ગુફાની અંદર-બહાર અવર-જવર કરતા હતા, બહુ વ્યાકુળ હતા અને સવાર થતાં તેઓ મૃત્યુને ભેટી ચૂક્યા છે. તેમનું અવસાન થયું છે.''

દિવાને આ આખી વાતના સમાચાર રાજાને આપ્યા, તેની બધી હકીકતથી રાજાને વાકેફ કર્યા. અને કહ્યું કે સારું થયું મને સાચા મહાત્માજીએ ચેતવ્યો તો આ બની બેઠેલા સિધ્ધને ઓળખી શકાયા. રાજાજી ! હવે તમે પણ આમ કોઈ પણ બાબતમાં વગર વિચારે ભરમાઈ ન જશો. રાજાને દિવાનની વાતમાં તથ્ય લાગ્યું અને મનોમન મહાત્મા તુલસીદાસજીનો આભાર વ્યક્ત કરવા લાગ્યો.

જોયું ને મિત્રો ! ખાધા પીધા વિના પણ માનના સ્વાદથી જીવન જીવી શકાય તેવું આ પ્રસંગ ઉપરથી આપણને જાણવા મળ્યું. તો યાદ રાખો - મોટામાં મોટો દોષ માનદોષ છે અને તે ભક્તિ માર્ગમાં વિઘ્નકર્તા છે. માટે સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં આ પ્રસંગ યાદ કરીને કહ્યું કે - ''માનને તજીને જે ભગવાનને ભજે તેને સર્વ હરિભક્તોમાં અતિશે મોટેરો જાણવો.''

(- ઈતિ વચનામૃત ગ.મ. ૪૧)

# સત્સંગ સમાચાર

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૮ મો પ્રાકટ્યોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૪૮ મો પ્રાકટ્યોત્સવ (કોરોના મહામારીના કારણે સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ) આસો સુદ-૧૦ વિજ્યા દશમી તા. ૨૫-૧૦-૨૦૨૦ ને રવિવારના સાદગીપૂર્ણ રીતે ઉજવાયો. સૌ પ્રથમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી શ્રી નરનારાયણદેવની શૃંગાર આરતી કરી દર્શન કરી સભામાં વિરાજમાન થયા હતા. કાલુપુર મંદિરના પૂજ્ય મહંત સ્વામી, જેતલપુર, નારણપુરા, ગાંધીનગર (સે-૨), કાંકરિયા, નારણઘાટ, એપ્રોચ આદિ ધામોધામના સંતો મહંતશ્રીઓએ પ.પૂ. મહારાજશ્રીને હારતોરા કરી શુભેચ્છા પાઠવી હતી. ખૂબજ સાદગીપૂર્ણ જન્મોત્સવ ઉજવાયો હતો. (કોઠારી સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શરદોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવં સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂજ્ય સદ્. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી આસો સુદ-૧૪ તા. ૩૦-૧૦-૨૦૨૦ ને શુક્રવારના રોજ રાત્રીના શરદ કોજાગરી પૂનમના પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં પ્રસાદીના ચોકમાં શરદોત્સવ પરંપરાગત રીતે ઉજવાયો. આ પ્રસંગે સંતો-હરિભક્તો અને શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ આદિએ (સરકારના નિયમ મુજબ) ઓચ્છવ કર્યો હતો. આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી ઠાકોરજીની આરતી ઉતારવા પધાર્યા હતા. સૌએ દર્શન કરી દૂધ પૌંવાનો પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (ચંપકભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દિવાળીના ઉત્સવોની ઉજવણી**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા કાલુપુર મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં દિવાળીના ઉત્સવો સુંદર રીતે ઉજવાયા. (કોરોનાના કારણે સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ)

બીજો આસો વદ-૧૪ તા. ૧૪-૧૧-૨૦૨૦ શનિવારના રોજ સાંજના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પરંપરાગત રીતે સમૂહ ચોપડા પૂજન વિધિવત રીતે મંદિરના શાસ્ત્રી ગોર દ્વારા થયું હતું. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ કાળી ચૌદશ નિમિત્તે શ્રી હનુમાનજીનું પૂજન ચર્ચન કરી અન્નકૂટ આરતી ઉતારી હતી. દિવાળી આસો સુદ-૩૦ તા. ૧૫-૧૧-૨૦૨૦ રવિવારના રોજ સવારે ૧૦ કલાકે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ આદિ દેવોની છપ્પન ભોગ અન્નકૂટ આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉતારી હતી.

કારતક સુદ-૧/૨ નૂતન વર્ષ તા. ૧૬-૧૧-૨૦૨૦ સોમવારના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવના દર્શન કરી બેઠકમાં સર્વે સંત-હરિભક્તોને નૂતન વર્ષના આશીર્વાદ પાઠવ્યા હતા.

પૂજ્ય મહંત સ્વામીના માર્ગદર્શન મુજબ શાસ્ત્રી ગોલોક સ્વામી, સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી, શા. સત્યપ્રકાશ સ્વામી આદિ સંત મંડળ અને હરિભક્તોએ શ્રી

નરનારાયણદેવ દેશના ગામોમાં સમયસર અન્નકૂટ પ્રસાદ પહોંચાડવાની સુંદર સેવા બજાવી હતી. (કોઠારી સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા (નાલંદા-૨)**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા (નાલંદા-૨) ખાતે અધિક પુરુષોત્તમ માસમાં આખા વર્ષમાં આવતા ઉત્સવો ઉજવાયા હતા. તા. ૧૬-૧૦-૨૦૨૦ અમાસના અત્રે મંદિરના પૂજારીએ શ્રીહરિકૃષ્ણ મહારાજને વિધિવત રીતે અભિષેક કર્યો હતો. કે.બી. પ્રજાપતી, ચંચલ ભગત, શ્રી ઘનશ્યામ મહિલા મંડળના પ્રમુખ રંજનબેન આદિ સૌએ ઘરેથી ઠાકોરજી માટે સુંદર વિવિધ અન્નકૂટ બનાવી શ્રીહરિને ધરાવ્યો હતો. સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ સૌએ ચૂસ્ત પાલન કરી દર્શન કર્યા હતા.

(કે.બી. પ્રજાપતિ - મોડાસા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કારોલ (તા. ચૂડા) ૭ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર કારોલનો ૭ મો પાટોત્સવ કારતક સુદ-૭ તા. ૨૧-૧૧-૨૦૨૦ ના રોજ ઉજવાયો. સત્સંગી બહેનોએ ઘરેથી પવિત્રતાથી બનાવેલ વાનગીનો ઠાકોરજીને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પ્રાસંગિક સભામાં મૂળી મંદિરના સ.ગુ. શા. સ્વામી નારાયણપ્રસાદદાસજી, સાયલા મંદિરના મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી અને લીંબડી મંદિરના નવા મહંત સ્વામીએ સૌ ભક્તોને મહારાજના લીલા ચરિત્રોની વાત કરીને ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હતી. સરકારશ્રીના નિયમ મુજબ સૌએ દર્શનનો લાભ લીધો હતો. (નરેન્દ્રભાઈ કોઠારીશ્રી - કારોલ)

## શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે સભ્યોને સૂચન

શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે સભ્યોને આગ્રહભરી ખાસ વિનંતી છે કે તેઓએ તેમનો સભ્ય નંબર, નામ અને તેમનો મોબાઈલ નંબર અચૂકપણે વહેલી તકે અમદાવાદ શ્રી નરનારાયણદેવના મંદિરે સ્વામિનારાયણ માસિકની ઓફિસમાં મોકલી આપવો.

મંદિરની પ્રવૃત્તિઓ, માસિક અંગેની વિગતો/ફરિયાદો વગેરે અંગે આપશ્રીના મોબાઈલ નંબર ઉપર માહિતી આપને મળી જશે.

નીચે જણાવેલ મંદિરના મોબાઈલ નંબર ઉપર આપશ્રી **SMS** અથવા **WhatsApp** ઉપર પણ આપની માહિતી આપી દેશો.

મોબાઈલ નંબર : **9313706095**

શ્રી સ્વામિનારાયણ માસિકના સભ્યની વિગત

સભ્ય નંબર : ..................................................

સભ્યનું નામ : ..............................................................................................................

મોબાઈલ નં. ૧ ................................................ ૨ ..............................................

ગામ/શહેરનું નામ : .................................. તા. ........................ જિ. ........................

સૂચના : ઉપરોક્ત માહિતી માર્ચ-૨૦૨૧ સુધીમાં મોકલી આપવાની રહેશે. અગર આપની માહિતી અમને નહી મળે તો આપનું શ્રી સ્વામિનારાયણ અંકનું સભ્ય પદ રદ કરવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# મકર સંક્રાંતિ (ઉત્તરાયણ) પુણ્ય પર્વ પ્રસંગે અલૌકિક દાન પુણ્ય

આપણો ભારત દેશ ધર્મપ્રધાન દેશ છે. દરેકને પોતપોતાનો ધર્મ-સંપ્રદાય પાળવાનો સ્વતંત્ર અધિકાર છે. આપણા દરેક પર્વ-ઉત્સવનું અનેરૂ માહાત્મ્ય અને મહિમા હોય છે. તેમાંય ૧૪ મી જાન્યુઆરીના દર વર્ષે આવતું ઉત્તરાયણ પર્વ એટલે મકર રાશીમાં સૂર્યનારાયણ ભગવાનનો પ્રવેશ એટલે સંક્રાંતિ કાળ એ શુભનું મંગળકારી આગમન, દરેક પ્રકારના દાન પુણ્યમાં અનેક ઘણો ઉમેરો કરતો હોવાથી આ શુભ દિને પુણ્ય સ્થાનક દેવ મંદિર, અનાથાશ્રમમાં નિરાધાર લોકોને દાન કરવાથી આ લોક પરલોક સંબંધી સર્વે મનોરથ સંકલ્પોનું ત્વરિત ફળ-પુણ્ય મળે છે.

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં બાથમાં લઈ સ્વસ્વરૂપ એવા પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ પવિત્ર સાનિધ્યમાં તથા શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળની શુભ આજ્ઞાથી અને પરમ વંદનીય સંતોની ઉપસ્થિતિમાં તા. ૧૬-૧૨-૨૦૨૦થી તા. ૧૪-૧-૨૦૨૧ એટલે આખો માસ પ્રાતઃકાળે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનો અલૌકિક લાભ ઓનલાઈન લીધો તેજ નિમિત્તે તા. ૧૪-૧-૨૦૨૧ ના રોજ મકર સંક્રાંતિ પુણ્ય પર્વ હોવાથી આપ સૌ જીવનમાં વર્ષમાં એકવાર આવતા આવા પુણ્ય પર્વમાં દાન પુણ્ય કરીને જીવનને ધન્ય બનાવશો.

**શ્રી નરનારાયણદેવ દેશના સમસ્ત હરિમંદિરના કોઠારીશ્રી અને શ્રીનરનારાયણદેવ યુવક મંડળને અનુરોધ**

શ્રી નરનારાયણદેવ દેશના તમામ શહેર અને ગામોના કોઠારીશ્રી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળના પ્રતિનિધિઓને ખાસ અનુરોધ છે કે આપના ગામમાં ઉત્તરાયણ પર્વની ઝોળી ફેરવીને તે નિમિત્તે જે કાંઈ અનાજ, રોકડ કે જીવન જરૂરી પદાર્થ દાનમાં આવે તે તમામ વસ્તુઓ અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ‘‘આંગન’’ માં જમા કરાવી પહોંચ મેળવી લેશો. જે તમામ આપનું દાન અનેક નિરાધાર જરૂરિયાતવાળા લોકો સુધી પહોંચશે. આ સંકલ્પ એ આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનો છે. એટલે આ આંગનની સેવા પ્રવૃત્તિ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની દેખરેખ નીચે આપણા સત્સંગી બહેનો દ્વારા કરવામાં આવે છે.

આ આંગનમાં દાન કરનારને ૮૦-જી હેઠળ ઈન્કમટેક્ષમાં માફી મળશે.

**મહંત સ્વામી**
**શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસના**
**શ્રીહરિ સ્મૃતિ સહિત જયશ્રી સ્વામિનારાયણ.**

# ઉત્તરાયણ પુણ્ય (ઝોળી) પર્વ

નામ : ..............................................................................

સરનામું : ..........................................................................

ફોન નં. : .......................... મો. : ...............................................

## ઉત્તરાયણ પુણ્ય પર્વ

તા. 14-1-2021ના ઉત્તરાયણ - મકરસંક્રાંતિના શ્રી નરનારાયણદેવના દર્શને પધારો ત્યારે આ કાર્ડમાં આપની ઈચ્છાનુંસાર રકમ ભરી કોઠાર ઓફિસમાંથી પહોંચ મેળવી લેવી. દૂર વસતા હરિભક્તોએ ચેક - ડ્રાફ્ટ અને ઓનલાઈનથી રકમ મોકલવી.

| વિગત | ભાવ રૂા. | વજન | ૫ કિલોના ભાવ રૂા. | આપની સેવા રૂા. |
|---|---|---|---|---|
| ચોખા | ૩૦૫૦ | ૧૦૦ કિલો | ૧૫૫ | |
| ઘઉં | ૨૦૦૦ | ૧૦૦ કિલો | ૧૦૦ | |
| મગ | ૮૦૦૦ | ૧૦૦ કિલો | ૪૦૦ | |
| તલ | ૨૪૦૦ | ૨૦ કિલો | ૬૦૦ | |
| ચણા દાળ | ૨૪૦૦ | ૨૦ કિલો | ૬૦૦ | |
| તુવેર દાળ | ૧૦૦૦૦ | ૧૦૦ કિલો | ૫૦૦ | |
| મોગર દાળ | ૭૨૦૦ | ૧૦૦ કિલો | ૩૬૦ | |
| શુદ્ધ ઘી | ૬૦૦૦ | ૧ ડબો | ૨૦૦૦ | |
| તેલ | ૧૩૦૦ | ૧ ડબો | ૪૩૦ | |
| ગોળ | ૫૦૦૦ | ૧૦૦ કિલો | ૨૫૦ | |
| ખાંડ | ૪૧૦૦ | ૧૦૦ કિલો | ૨૦૫ | |
| કુલ રૂા. | ૫૧૪૫૦ | | ૫૬૦૦ | |

દાન, વસ્તુ રૂપે, રોકડ સ્વરૂપે તથા ચેક અથવા ડ્રાફ્ટ
"શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ"ના નામે આપશો.
સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ ફોન : ૮૨૩૮૦૦૧૬૬૬

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
| --- | --- | --- |
| અધિક આસો સુદ-૧ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (મગસ) | ઓળા |
| અધિક આસો સુદ-૨/૩ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (મોહનથાળ) | ઓળા |
| અધિક આસો સુદ-૨/૩ | પ.ભ. રાબડીયા મનજીભાઈ (મોહનથાળ) | બળદીયા-કચ્છ |
| અધિક આસો સુદ-૪ | પ.ભ. દર્શ મહેશભાઈ હીરાભાઈ (મોહનથાળ) | ઉનાવા |
| અધિક આસો સુદ-૪ | શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ (ડ્રાઈફ્રુટ હલવો) | અંબાપુર |
| અધિક આસો સુદ-૪ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | ઓળા |
| અધિક આસો સુદ-૫ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (મોહનથાળ) | ઓળા |
| અધિક આસો સુદ-૫ | પ.ભ. પટેલ શ્યામ રવજીભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| અધિક આસો સુદ-૫ | પ.ભ. પટેલ હિતેષભાઈ રતીભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| અધિક આસો સુદ-૬ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (બુંદી) | ઓળા |
| અધિક આસો સુદ-૬ | પ.ભ. જ્યોત્સનાબેન શાહ (બુંદી) | મુંબઈ |
| અધિક આસો સુદ-૭ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (ચુરમાના લાડુ) | ઓળા |
| અધિક આસો સુદ-૮ | અ.નિ. પટેલ જયંતીભાઈ સેંધીદાસ (સાટા) | કુંડાળ |
| અધિક આસો સુદ-૮ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (સાટા) | ઓળા |
| અધિક આસો સુદ-૮ | પ.ભ. પટેલ વિનોદભાઈ શનાભાઈ (દૂધપાક-માલપુંવા) | |
| અધિક આસો સુદ-૯ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (મગસ) | ઓળા |
| અધિક આસો સુદ-૯ | પ.ભ. અલકાબેન (મગસ) | અમદાવાદ |
| અધિક આસો સુદ-૯ | પ.ભ. પટેલ રમણભાઈ સોમાભાઈ (મગસ) | મનીપુર |
| અધિક આસો સુદ-૧૦ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | ઓળા |
| અધિક આસો સુદ-૧૦ | પ.ભ. ડૉ. બાબુભાઈ માણેકલાલ ભાવસાર (મોહનથાલ) | કુકડીયા |
| અધિક આસો સુદ-૧૦ | પ.ભ. પટેલ નરેન્દ્રભાઈ રતીભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | ગોઠીબ |
| અધિક આસો સુદ-૧૧ | પ.ભ. પટેલ સાકરબેન કનુભાઈ રમણભાઈ (કાજુ બદામ મૈસુબ) | અંબાપુર |
| અધિક આસો સુદ-૧૧ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (કાજુ બદામ મૈસુબ) | ઓળા |
| અધિક આસો સુદ-૧૨ | અ.નિ. પટેલ ગીરીશભાઈ રાવજીભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | અમદાવાદ |
| અધિક આસો સુદ-૧૨ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (મોહનથાળ) | ઓળા |
| અધિક આસો સુદ-૧૨ | પ.ભ. પટેલ ઉમાબેન દિનેશભાઈ (બુંદી) | અમદાવાદ |
| અધિક આસો સુદ-૧૨ | અ.નિ. ઢાંકેચા ભાનુબેન કરશનભાઈ (મોહનથાળ) | રાજકોટ |
| અધિક આસો સુદ-૧૨ | અ.નિ. દેવસી વેલજી વાઘાણી (ચુરમાના લાડુ) | ભુજ |
| અધિક આસો સુદ-૧૨ | પ.ભ. પટેલ કપિલાબેન સુરેશભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | વિહાર |
| અધિક આસો સુદ-૧૨ | પ.ભ. જયંતીલાલ પ્રહલાદભાઈ (ચુરમાના લાડુ) | રાણીપ |
| અધિક આસો સુદ-૧૨ | પ.ભ. પટેલ માધવજી લવજીભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અધિક આસો સુદ-૧૨ | પ.ભ. મેપાણી કાંતિભાઈ મુરજીભાઈ (મોહનથાળ) | મદનપુર (કચ્છ) |
| અધિક આસો સુદ-૧૨ | પ.ભ. પટેલ પ્રહલાદભાઈ તુલસીભાઈ (મગસ) | અમદાવાદ |
| અધિક આસો સુદ-૧૨ | પ.ભ. ચૌધરી ડાહ્યાભાઈ કાનજીભાઈ (ચુરમાના લાડુ) | |
| અધિક આસો સુદ-૧૨ | પ.ભ. પટેલ શારદાબેન (મોહનથાળ) | રાણીપ |
| અધિક આસો સુદ-૧૨ | એક હરિભક્ત (મગસના લાડુ) | ધનસુરા |
| અધિક આસો સુદ-૧૨ | સ.ગુ. શા. સ્વા. હરિકેશવદાસજી (મોહનથાળ) | ગાંધીનગર સે-૨૩ |
| અધિક આસો સુદ-૧૨ | પ.ભ. પટેલ સતીષભાઈ કાંતિલાલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અધિક આસો સુદ-૧૩ | અ.નિ. પટેલ અમૃતભાઈ ચિમનભાઈ (દૂધપાક પુરી) | ધમાસણા |
| અધિક આસો સુદ-૧૩ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (દૂધપાક પુરી) | ઓળા |
| અધિક આસો સુદ-૧૩ | પ.ભ. મેપાણી કાંતિભાઈ મુરજીભાઈ (મોહનથાળ) | મદનપુર (કચ્છ) |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| અધિક આસો સુદ-૧૪ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (મગસ) | ઓળા |
| અધિક આસો સુદ-૧૪ | પ.ભ. મેપાણી કાંતિભાઈ મુરજીભાઈ (મગસ) | મદનપુર (કચ્છ) |
| અધિક આસો સુદ-૧૪ | પ.ભ. પટેલ અહન સન્નીભાઈ (મગસ) | અંબાપુર |
| અધિક આસો સુદ-૧૫ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (ચુરમાના લાડુ) | ઓળા |
| અધિક આસો સુદ-૧૫ | પ.ભ. પટેલ ચંદ્રિકાબેન મહેન્દ્રભાઈ (દૂધપાક માલપુંવા) | કલોલ |
| અધિક આસો સુદ-૧૫ | પ.ભ. પટેલ મુકતાબેન વિનોદલાલ (મગસ) | રાણીપ |
| અધિક આસો સુદ-૧૫ | પ.ભ. મેપાણી કાંતિભાઈ મુરજીભાઈ (ચુરમાના લાડુ) | મદનપુર (કચ્છ) |
| અધિક આસો સુદ-૧૫ | પ.ભ. ચૌધરી સંતોકબેન બળદેવભાઈ (કાજુ બદામ મૈસુબ) | માણેકપુર |
| અધિક આસો સુદ-૧૫ | અ.નિ. મંગળાબેન જસવંતલાલ ઠક્કર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અધિક આસો સુદ-૧૫ | પ.ભ. ડૉ. જીમીશ જયંતીભાઈ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| અધિક આસો સુદ-૧૫ | પ.ભ. પટેલ દીલીપભાઈ ધનજીભાઈ (મૈસુબ) | અમદાવાદ |
| અધિક આસો સુદ-૧૫ | પ.ભ. હિરાણી શિવજી રત્ના (મોહનથાળ) | સુખપર (કચ્છ) |
| અધિક આસો સુદ-૧૫ | પ.ભ. પટેલ મનોજભાઈ સોમાભાઈ (ચુરમાના લાડુ) | રાયણીયા |
| અધિક આસો સુદ-૧૫ | પ.ભ. પટેલ ડાહ્યાભાઈ નારણભાઈ (ચુરમાના લાડુ) | માણસા |
| અધિક આસો સુદ-૧૫ | કુ. યાશિકા અને વિવાન મનીષભાઈ ઠક્કર (મગસ) | બાવળા |
| અધિક આસો વદ-૧ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (જલેબી) | ઓળા |
| અધિક આસો વદ-૧ | પ.ભ. પટેલ યોગેશભાઈ શીવાભાઈ (જલેબી) | ડાંગરવા |
| અધિક આસો વદ-૧ | અ.નિ. પટેલ મણીલાલ શિવરામભાઈ (મોહનથાળ) | ઉંઝા |
| અધિક આસો વદ-૧ | પ.ભ. પટેલ અરવિંદકુમાર શંકરલાલ (ચુરમાના લાડુ) | મોખાસણ |
| અધિક આસો વદ-૧ | સાં. ગીતાબા, મીનાબા, મધુબા (જલેબી) | હવેલી |
| અધિક આસો વદ-૧ | પ.ભ. ગીરીશભાઈ બી. પટેલ (મોહનથાળ) | અમદાવાદ |
| અધિક આસો વદ-૧ | પ.ભ. મેપાણી કાંતિભાઈ મુળજીભાઈ (જલેબી) | કંપાલા |
| અધિક આસો વદ-૨ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (બુંદી) | ઓળા |
| અધિક આસો વદ-૨ | પ.ભ. પટેલ વિરેન્દ્રકુમાર જસુભાઈ (બુંદી) | બાયડ |
| અધિક આસો વદ-૨ | પ.ભ. મેપાણી કાંતિભાઈ મુરજીભાઈ (બુંદી) | કંપાલા |
| અધિક આસો વદ-૨ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (બુંદી) | ઓળા |
| અધિક આસો વદ-૨ | પ.ભ. મોદી અતુલભાઈ (બુંદી) | |
| અધિક આસો વદ-૨ | અ.નિ. પટેલ રણછોડભાઈ બેચરભાઈ (મોહનથાળ) | ઝુંડાલ |
| અધિક આસો વદ-૨ | પ.ભ. વિનોદભાઈ બળદેવભાઈ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| અધિક આસો વદ-૨ | પ.ભ. મેપાણી કાંતિભાઈ મુરજીભાઈ (મોહનથાળ) | કંપાલા |
| અધિક આસો વદ-૩ | અ.નિ. ભીખાભાઈ ગોવિંદભાઈ પરમાર (ડ્રાઈફ્રુટ હલવો) | અમદાવાદ |
| અધિક આસો વદ-૩ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | ઓળા |
| અધિક આસો વદ-૩ | પ.ભ. પટેલ યોગેશ નરેન્દ્રભાઈ (સાટા) | અમદાવાદ |
| અધિક આસો વદ-૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર (મોહનથાળ) | પંચવટી ઉંઝા |
| અધિક આસો વદ-૩ | પ.ભ. મેપાણી કાંતિભાઈ મુરજીભાઈ (સાટા) | કંપાલા |
| અધિક આસો વદ-૪ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (મગસ) | ઓળા |
| અધિક આસો વદ-૪ | પ.ભ. પટેલ પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ (મગસ) | અમદાવાદ |
| અધિક આસો વદ-૪ | પ.ભ. મેપાણી કાંતિભાઈ મુળજીભાઈ (મગસ) | કંપાલા |
| અધિક આસો વદ-૪ | પ.ભ. પટેલ બાબુભાઈ નારણદાસ (મગસ) | મારૂસણા |
| અધિક આસો વદ-૫ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (બુંદી) | ઓળા |
| અધિક આસો વદ-૫ | મેપાણી કાંતિભાઈ મુળજીભાઈ (બુંદી) | કંપાલા |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| અધિક આસો વદ-૬ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (મોહનથાળ) | ઓળા |
| અધિક આસો વદ-૬ | અ.નિ. શિવરામદાસ મૂળદાસ (મોહનથાળ) | મરતોલી |
| અધિક આસો વદ-૬ | પ.ભ. ચૌધરી કાંતિભાઈ ધરમાભાઈ (બુંદી) | માણેકપુર |
| અધિક આસો વદ-૬ | પ.ભ. પટેલ કાંતિલાલ ગંગારામ (ચુરમાના લાડુ) | ઉંઝા |
| અધિક આસો વદ-૬ | પ.ભ. મેપાણી કાંતિભાઈ મૂળજીભાઈ (ચુરમાના લાડુ) | કંપાલા |
| અધિક આસો વદ-૭ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (મોતૈયા લાડુ)) | ઓળા |
| અધિક આસો વદ-૭ | પ.ભ. મેપાણી કાંતિભાઈ મૂળજીભાઈ (મગસ) | કંપાલા |
| અધિક આસો વદ-૭ | પ.ભ. પટેલ ભોળાભાઈ ચતુરદાસ (મોહનથાળ) | અમદાવાદ |
| અધિક આસો વદ-૭ | અ.સૌ. રમીલાબેન એમ. પ્રજાપતી (મોહનથાળ) | જેતલપુર |
| અધિક આસો વદ-૮ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (ચુરમાના લાડુ) | ઓળા |
| અધિક આસો વદ-૮ | પ.ભ. પટેલ ડાહ્યાભાઈ બાભાઈદાસ (ચુરમાના લાડુ) | ગવાડા |
| અધિક આસો વદ-૮ | પ.ભ. મેપાણી કાંતિભાઈ મુરજીભાઈ (સાટા) | કંપાલા |
| અધિક આસો વદ-૮ | સાં. રાજકુંવરબા (સાટા) | મોરબી |
| અધિક આસો વદ-૮ | પ.ભ. પટેલ પ્રજ્ઞાબેન ભરતભાઈ (મગસ) | કરજીસણ |
| અધિક આસો વદ-૮ | પ.ભ. ઠક્કર જસવંતલાલ ચિમનભાઈ (સાટા) | અમદાવાદ |
| અધિક આસો વદ-૯ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (ડ્રાયફ્રુટ હલવો) | ઓળા |
| અધિક આસો વદ-૯ | પ.ભ. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (મોહનથાળ) | ઝુલાસણ |
| અધિક આસો વદ-૯ | પ.ભ. મેપાણી કાંતિભાઈ મુરજીભાઈ (કાજુ બદામ મૈસુબ) | કંપાલા |
| અધિક આસો વદ-૯ | પ.ભ. ઠક્કર ઘનશ્યામભાઈ ભાઈલાલભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| અધિક આસો વદ-૯ | અ.નિ. ભગત કેસરાભાઈ કરશનભાઈ (કાજુ બદામ મૈસુબ) | રવાપર-કચ્છ |
| અધિક આસો વદ-૯ | પ.ભ. પટેલ ધ્રુવ પરેશભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | અમદાવાદ |
| અધિક આસો વદ-૧૦ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (ચુરમાના લાડુ) | ઓળા |
| અધિક આસો વદ-૧૦ | પ.ભ. મેપાણી કાંતિભાઈ મુરજીભાઈ (ચુરમાના લાડુ) | કંપાલા |
| અધિક આસો વદ-૧૦ | પ.ભ. પટેલ હીરાબેન ગોપાલદાસ (ચુરમાના લાડુ) | માણસા |
| અધિક આસો વદ-૧૧ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (કાજુ બદામ મૈસુબ) | ઓળા |
| અધિક આસો વદ-૧૧ | પ.ભ. મેપાણી કાંતિભાઈ મુરજીભાઈ (કાજુ બદામ મૈસુબ) | કંપાલા |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (મૈસુબ) | ઓળા |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. ગર્ગ મદનલાલ હિરાલાલ (મૈસુબ) | અમદાવાદ |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ અંબાલાલ બાભાઈદાસ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ હસુબેન ચિનુભાઈ (મગસ) | નરોડા |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ કાંતિલાલ કરશનદાસ (મોહનથાળ) | મોખાસણ |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. ચૌધરી અમિતા દિલીપ (કાજુ બદામ મૈસુબ) | માણેકપુર |
| અધિક આસો વદ-૧૨ | ગોપી મંડળ (સ્વામિનારાયણ મંદિર કાંકરિયા) (મોહનથાળ) | |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ વિષ્ણુભાઈ નાગરભાઈ (ચુરમાના લાડુ) | બાન્ટાઈ |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ મૌલિકકુમાર રાજેશભાઈ (મગસ) | કાળીગામ |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ રમણભાઈ મણીભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | ઝુંડાલ |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. રૂખીબેન પટેલ (મગસ) | અમેરિકા |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પરમાર કાંતિભાઈ ગોવિંદભાઈ (મૈસુબ) | અમદાવાદ |
| અધિક આસો વદ-૧૨ | ઘનશ્યામ ટીમ્બર માર્ટ (સાટા) | ઓઢવ |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ સોમાભાઈ ભગવાનદાસ (મૈસુબ) | ઉંઝા |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. વરસાણી રતનબાઈ જાદવા (મગસ) | નારણપુરા |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ મન પવનભાઈ (ચુરમાના લાડુ) | |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ જયશ્રીબેન ચંદુલાલ (ડ્રાઈફ્રુટ હલવો) | અમદાવાદ |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ અશોકભાઈ તળસીભાઈ (મગસ) | ગાંધીનગર |
| અધિક આસો વદ-૧૨ | અ.નિ. પટેલ જોઈતીબેન સોમાભાઈ (મગસ) | માણસા |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ શાંતિભાઈ મરઘાભાઈ (સાટા) | રાણીપ |
| અધિક આસો વદ-૧૨ | અ.નિ. પટેલ કનુભાઈ મનુભાઈ (માલપુંવા) | માલનપુર |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ ભરતભાઈ કાંતિલાલ (મગસ) | કડી |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ શાંતાબેન શિવરામભાઈ (કાજુ બદામ મૈસુબ) | પાટણ |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ ઘનશ્યામભાઈ મૂળચંદભાઈ (મગસ) | રાણીપ |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. જોગાણી મથુરભાઈ જીવરાજભાઈ (ચુરમાના લાડુ) | નિકોલ |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. મણીબેન રામભાઈ (મોહનથાળ) | પોર |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. ડૉ. શાને પરિવાર (બુંદી) | અમદાવાદ |
| અધિક આસો વદ-૧૨ | પ.ભ. પટેલ કાશીબેન કેશવલાલ (મગસ) | ઉનાવા |
| અધિક આસો વદ-૧૨ | વાલાણી માવજીભાઈ રવજીભાઈ (સાટા) | બળદીયા-કચ્છ |
| અધિક આસો વદ-૧૩/૧૪ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (મોતૈયા લાડુ) | ઓળા |
| અધિક આસો વદ-૧૩/૧૪ | અ.નિ. પટેલ રણછોડભાઈ પ્રભુદાસ (મગસ) | કાળીગામ |
| અધિક આસો વદ-૧૩/૧૪ | પ.ભ. પટેલ કમળાબેન ઈશ્વરભાઈ (મગસ) | કાળીગામ |
| અધિક આસો વદ-૧૩/૧૪ | પ.ભ. લીબાચીયા નિમિષાબેન વિજયભાઈ (મોતૈયા લાડુ) | લંડન |
| અધિક આસો વદ-૧૩/૧૪ | પ.ભ. પટેલ જલકુમાર (મોહનથાળ) | અમદાવાદ |
| અધિક આસો વદ-૧૩/૧૪ | પ.ભ. પટેલ મહાદેવભાઈ ચતુરભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| અધિક આસો વદ-૧૩/૧૪ | પ.ભ. પટેલ તેજેશ (કાજુબદામ મૈસુબ) | અમદાવાદ |
| અધિક આસો વદ-૩૦ | પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (દૂધપાક માલપુંવા) | ઓળા |
| અધિક આસો વદ-૩૦ | નરોડા જય શ્રી સ્વામિનારાયણ - બહેનોનું મંડળ (દૂધપાક માલપુંવા) | |
| અધિક આસો વદ-૩૦ | હરિૐ પરિવાર (દૂધપાક માલપુંવા) | સરસપુર |
| અધિક આસો વદ-૩૦ | પ.ભ. પટેલ ભગવતીબેન નયનકુમાર (મગસ) | વિજાપુર |
| અધિક આસો વદ-૩૦ | પ.ભ. રાઠોડ જીતેન્દ્ર ચિમનલાલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અધિક આસો વદ-૩૦ | પ.ભ. પટેલ કેતનભાઈ રવજીભાઈ (મગસ) | ઝુંડાલવાળા |
| અધિક આસો વદ-૩૦ | પ.ભ. પટેલ હિરાબા સોમદાસ (મોહનથાળ) | ઝુંડાલવાળા |
| અધિક આસો વદ-૩૦ | પ.ભ. પટેલ ફાલ્ગુનીબેન રાજેશકુમાર (મગસ) | અમદાવાદ |
| અધિક આસો વદ-૩૦ | કુ. વિશ્વા ઉર્વેશભાઈ શાહ (મોહનથાળ) | અમદાવાદ |
| અધિક આસો વદ-૩૦ | પ.ભ. હિરાણી રતનબેન નાનજીભાઈ (કાજુ બદામ મૈસુબ) | લંડન |
| અધિક આસો વદ-૩૦ | પ.ભ. ગોરસીયા મનજીભાઈ શિવજીભાઈ (મૈસુબ) | માનકુવા-કચ્છ |
| અધિક આસો વદ-૩૦ | અ.નિ. અરવિંદબેન સાકરલાલ શુકલ (મોતૈયા લાડુ) | અમદાવાદ |
| બીજો આસો સુદ-૧ | પ.ભ. પટેલ લીલાબેન નારણભાઈ (મોહનથાળ) | રાણીપ |
| બીજો આસો સુદ-૧ | પ.ભ. ચૌધરી વર્ષાબેન જીજ્ઞેશભાઈ (મોતૈયા લાડુ) | બાલવા |
| બીજો આસો સુદ-૧ | પ.ભ. કોટડીયા હસમુખભાઈ ઘેલાભાઈ (મગસ) | ચોરવાડ |
| બીજો આસો સુદ-૨ | પ.ભ. પટેલ હિતેષભાઈ રમણભાઈ (ડ્રાઈફ્રૂટ હલવો) | ઝુંડાલ |
| બીજો આસો સુદ-૨ | પ.ભ. પટેલ રણછોડભાઈ જીવાભાઈ (મોહનથાળ) | સૂકાટીંબા |
| બીજો આસો સુદ-૨ | પ.ભ. ડાભી કૃણાલ કિરીટભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| બીજો આસો સુદ-૨ | પ.ભ. ગોવિંદભાઈ લાલજીભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| બીજો આસો સુદ-૩ | પ.ભ. અમિતભાઈ રમણભાઈ (મૈસુબ) | ઝુંડાલ |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| બીજો આસો સુદ-૪ | પ.ભ. પટેલ ગ્યાના નિકુંજભાઈ (માલપુંવા) | ઝુંડાલ |
| બીજો આસો સુદ-૫ | પ.ભ. કંચનબેન વાસુદેવ કુંવરજી (ચુરમાના લાડુ) | ધરમપુર |
| બીજો આસો સુદ-૫ | અ.નિ. ગૌરાંગકુમાર કાંતિભાઈ પટેલ (મોતૈયા લાડુ) | સાબરમતી |
| બીજો આસો સુદ-૬ | પ.ભ. પટેલ અંકિતકુમાર વિનોદચંદ્ર (મોતૈયા લાડુ) | કપડવંજ |
| બીજો આસો સુદ-૬ | અ.નિ. માવજી રત્ના ગોરસીયા (ચુરમાના લાડુ) | સુખપર-કચ્છ |
| બીજો આસો સુદ-૭ | અ.નિ. રાધાબાઈ વાલજી (મગસ) | નારાયણપર-કચ્છ |
| બીજો આસો સુદ-૭ | અ.નિ. ગોવિંદ રામજી વેકરીયા (મગસ) | કેરા-કચ્છ |
| બીજો આસો સુદ-૮ | પ.ભ. સુશીલાબેન મગનભાઈ (ચુરમાના લાડુ) | |
| બીજો આસો સુદ-૮ | અ.નિ. પટેલ જયંતીભાઈ મંગળદાસ (મગસ) | અમદાવાદ |
| બીજો આસો સુદ-૧૦ | પ.ભ. પટેલ દિલીપભાઈ પ્રહલાદભાઈ (મગસ) | દેઉસણા |
| બીજો આસો સુદ-૧૦ | અ.નિ. તરૂણકુમાર જીતેન્દ્રભાઈ પટેલ (મગસ) | ગોઠીબ |
| બીજો આસો સુદ-૧૦ | અ.નિ. પાર્ષદ રમેશ ભગત ગુરુ સ્વા. રામચરણદાસજી (મગસ) | કાલુપુર મંદિર |
| બીજો આસો સુદ-૧૧ | અ.નિ. જયંતીભાઈ ઈશ્વરલાલભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | વિસનગર |
| બીજો આસો સુદ-૧૨ | પ.ભ. પટેલ સુનીતાબેન ડી. (મોહનથાળ) | અમદાવાદ |
| બીજો આસો સુદ-૧૨ | પ.ભ. પટેલ ઓમ મહેન્દ્રભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | વિહાર |
| બીજો આસો સુદ-૧૨ | પ.ભ. પટેલ જશોદાબેન કાંતિલાલ (મગસ) | ગોઠીબ |
| બીજો આસો સુદ-૧૩ | પ.ભ. રોજાસરા ધીરજલાલ જગજીવનદાસ (સાટા) | બોરસદ |
| બીજો આસો સુદ-૧૫ | પ.ભ. પટેલ શૈલષભાઈ અમૃતભાઈ (મગસ) | રાણીપ |
| બીજો આસો સુદ-૧૫ | પ.ભ. દેવુ ભગત (જયસિયારામ) (ડ્રાઈફ્રુટ હલવો) | રાણા કંડોરડા |
| બીજો આસો સુદ-૧૫ | અ.નિ. ટાંક વસંતભાઈ ત્રિભોવનદાસ (દૂધપાક માલપુંવા) | અમદાવાદ |
| બીજો આસો વદ-૧ | અ.નિ. દામોદરભાઈ મોતીરામ પહાલ (મોહનથાળ) | બોરીસ (મહા.) |
| બીજો આસો વદ-૧ | પ.ભ. પટેલ નટવરભાઈ (મૈસુબ) | અમદાવાદ |
| બીજો આસો વદ-૨ | પ.ભ. પટેલ મધુબેન પી. (મગસ) | કુહા |
| બીજો આસો વદ-૪ | અ.નિ. લાલભાઈ મનજી વિરજી હિરાણી (ચુરમાના લાડુ) | માંડવી-કચ્છ |
| બીજો આસો વદ-૫ | સ્વામી શ્રીજીપ્રસાદદાસજી (મોતૈયા) | અમદાવાદ |
| બીજો આસો વદ-૬ | અ.નિ. પ્રેમબાઈ રામજી કેરાઈ (મગસ) | ભારાસર-કચ્છ |
| બીજો આસો વદ-૭ | પ.ભ. પટેલ શૈલેષભાઈ હરજીવનભાઈ (મગસ) | અમદાવાદ |
| બીજો આસો વદ-૭ | પ.ભ. પટેલ શ્રેયાબેન અશ્વિનકુમાર (મોહનથાળ) | મેમનગર |
| બીજો આસો વદ-૭ | પ.ભ. પટેલ જ્યોત્સનાબેન (મોહનથાળ) | ઝુંડાલ |
| બીજો આસો વદ-૭ | પ.ભ. પટેલ રૂત્વાબેન નારણભાઈ (બુંદી) | અમદાવાદ |
| બીજો આસો વદ-૭ | પ.ભ. ગોળેકર હરેશભાઈ કાનજીભાઈ (મોહનથાળ) | વાસણા |
| બીજો આસો વદ-૮/૯ | આર. કે કન્સ્ટ્રકશન (મગસ) | માંડવી-કચ્છ |
| બીજો આસો વદ-૧૨ | અ.નિ. ગોરધનભાઈ વશરામભાઈ લાઠીયા (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| બીજો આસો વદ-૧૨ | અ.નિ. નંદુબેન ભીખાભાઈ ક્યાડા (ચુરમાના લાડુ) | નિકોલ |
| બીજો આસો વદ-૧૨ | સત્યાગ્રહ ડેવલોપર્સ (મોહનથાળ) | નિકોલ |
| બીજો આસો વદ-૧૩ | હરિૐ પરિવાર (અડદીયો) | સરસપુર |
| બીજો આસો વદ-૧૪ | પ.ભ. પટેલ દિપકભાઈ કાંતિભાઈ (સાટા) | ધમાસણા |
| બીજો આસો વદ-૧૪ | જે.કે. ચીનારાણા (બુંદી) | નખત્રાણા-કચ્છ |
| બીજો આસો વદ-૧૪ | પ.ભ. પટેલ કનુભાઈ રમણલાલ (મગસ) | વિહાર |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૫૦૧/- કાચા ટેલર પરિવાર કાચા લક્ષ્મણભાઈ, રમણીકભાઈ, મુરજીભાઈ, ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર, પ્રકાશ એમ. કપીલ, સૂરજ, કુલદિપ, આકાશ, કર્નલ, પૃથ્વીરાજ ચૌહાણ, સહજ, વિહાન, જીયાન આદિ પરિવાર — લેસ્ટર
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા — ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપાઅર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા — ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ અને ધર્મકુળ પ્રસન્નાર્થે — ઈસ્ટ લંડન
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૧૦૧/- વીણાબેન અ.નિ. પટેલ મનુભાઈ શનાભાઈ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૧૦૦/- અ.નિ. પટેલ ભીખાભાઈ જગદીશભાઈ પુણ્યતિથિ નિમિત્તે — દહેગામ
૧૦૦/- મેવાડા રમેશભાઈ અ.નિ. ભાણો અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે — જાબુંડાવાળા
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-નાઈરોબી
૧૦૦/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૧૦૦/- કોઠારી બળદેવભાઈ વિસાભાઈ પટેલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ડાંગરવા
૧૫૧/- પટેલ વિસાભાઈ ચતુરદાસ શ્રીજી પ્રસન્નાર્થે — ડાંગરવા
૧૦૦/- મોદી પરેશભાઈ મુકુંદચંદ્ર ઓચ્છવીયા જન્મ દિને — અમદાવાદ
૧૧૦૦/- પલાસડા પટેલ ચિનુભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે — બીલીયા
૫૦૦/- પટેલ હેમાક્ષીબેન દેવાંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૨૦૦/- પટેલ કેશાભાઈ મૂળાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ડુંગરી
૨૦૦/- પટેલ મલ્હાર પિયુષભાઈ ગાંધીનગર પોસ્ટીંગ મળ્યું તે નિમિત્તે — આકરૂંદ
૧૦૦/- પટેલ ઉન્નત ચંદ્રેશકુમાર જે. જન્મ દિને — આકરૂંદ
૫૦૦/- એ' રાની એન્ડ ભોલુ શ્રીજી પ્રસન્નાર્થે — બાયડ
૨૫૦/- ધરણી માનવ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે — બાયડ
૨૫૦/- પટેલ રાની વિરાજ શ્રીજી પ્રસન્નાર્થે — બાયડ
૧૦૧/- ઠક્કર પ્રથમ અંકિતકુમાર તા. ૩૦-૯ જન્મ દિને — દુબઈ
૫૦૧/- ડૉ. અરૂણભાઈ ડી. પટેલ ભાણી ખુશ્બુ સુહાગીયા અભ્યાસાર્થે લંડન ગયા તે નિમિત્તે — રાણીપ
૧૦૦/- એક સત્સંગીબેન શ્રીજી પ્રસન્નાર્થે — ધનસુરા
૧૦૦/- અ.નિ. ડાભી કૈલાશબા ઈશ્વરજી પ્રથમ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — ડાંગરવા
૧૦૦/- પટેલ ભાનુબેન મહાદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — મેડા
૧૦૦/- પટેલ જશોદાબેન રસિકલાલ શ્રીજી પ્રસન્નાર્થે — ડાંગરવા
૧૦૦/- પટેલ હર્ષદભાઈ રસિકલાલ શ્રીજી પ્રસન્નાર્થે — ડાંગરવા
૧૦૦/- અ.નિ. રસિકભાઈ પ્રહલાદદાસના સ્મરણાર્થે — ડાંગરવા
૧૦૦/- પટેલ અમરતભાઈ ધરમદાસ શ્રીજી પ્રસન્નાર્થે — નારદીપુર
૧૦૦/- પટેલ ચેતનભાઈ રસિકલાલ શ્રીજી પ્રસન્નાર્થે — ડાંગરવા
૧૦૦/- પટેલ હેતલબેન રસિકલાલ શ્રીજી પ્રસન્નાર્થે — ડાંગરવા
૧૦૦/- પટેલ પ્રિયાંશી અને હેની ચિ. ચેતનભાઈના જન્મ દિને — ડાંગરવા
૧૦૦/- પટેલ વિર અને માર્વિન ચિરાગભાઈ જન્મ દિને — ડાંગરવા
૧૦૦/- પટેલ વિજય મણીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુંડાલ
૨૦૦/- પટેલ ઈલાબેન પ્રવિણભાઈ જન્મ દિને — અંબાપુર
૩૦૦/- પટેલ સંગીતાબેન મનોજભાઈ પૌત્રીના જન્મ પ્રસંગે — અંબાપુર
૫૦૧/- અ.નિ. આનંદીબેન શંકરભાઈ પટેલ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે — અસલાલી
૨૫૧/- નાયક દશરથભાઈ સોમનાથ જન્મ દિને — અમદાવાદ
૧૧૦૦/- પટેલ ટીશા પિન્ટુભાઈ ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે — રાણીપ
૧૦૦/- ઠક્કર નટવરલાલ મોહનલાલ જન્મ દિને — વિરમગામ
૫૦૦/- પટેલ દિનેશકુમાર જીવણલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે — વડોદરા
૨૦૨/- સોની હેતલબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૨૦૨/- ઠાકોર હિરાબા હલુજી શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૨૦૦/- પટેલ હર્ષિલ અરૂણભાઈ જન્મ દિને — અંબાપુર
૧૦૦/- પટેલ કપીલ મહેશભાઈ ન્યુઝીલેન્ડના વર્ક વિઝા નિમિત્તે — પ્રતાપપુરા
૫૦૦/- ચૂડાસમા નિતુભા, હકુભા શ્રીજી પ્રસન્નાર્થે — ઝિંઝર
૧૦૧/- પટેલ ગીતાબેન ધર્મેન્દ્રભાઈ પ.પૂ. મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે — નાંદોલ
૨૫૧/- પટેલ ભાગર્વ કરશનભાઈ ચિ. મંત્રના જન્મ પ્રસંગે — રતનપર
૧૦૦/- ઠક્કર જીવણલાલ નાથાલાલ ગાડી લાવ્યા તે નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- પટેલ રક્ષિત સેવંતીભાઈ નવી ગાડી નિમિત્તે — કેનેડા
૧૫૦/- પ્રજાપતિ પ્રવિણભાઈ શંભુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ચાણસ્મા
૫૦૦/- પટેલ રૂત્વા નારાયણભાઈ પ્રથમ પગાર નિમિત્તે — મહાદેવનગર
૫૦૦/- પરમાર મહેન્દ્રભાઈ નરસીભાઈ ચિ. અભિષેકે નીટની પરીક્ષા પાસ કરી તે નિમિત્તે — બોડકા
૧૦૦/- મોદી પરેશભાઈ મુકુંદચંદ્ર ચિ. ધૈર્યના જન્મ દિને — સુભાષબ્રીજ
૨૦૦/- પટેલ જયેશભાઈ રસિકભાઈ સારા આરોગ્ય નિમિત્તે — ડાંગરવા
૨૫૧/- અ.નિ. પટેલ હિરાબેન પુંજીરામના સ્મરણાર્થે — આજોલ
૫૦૧/- અ.નિ. કા. રાકેશકુમાર મોહનલાલ પરિવાર શ્રીજી પ્રસન્નાર્થે — કોઠંબા
૧૦૦/- કા. પટેલ કામીની પરેશ એનિવર્સરી નિમિત્તે — મુંબઈ
૧૦૧/- વખારીયા નીતિનભાઈ ગાંડાભાઈ અ.નિ. અંબાલાલ હરગોવનદાસના સ્મરણાર્થે — વિહાર
૧૦૧/- પટેલ રણછોડભાઈ કચરાભાઈ જન્મ દિને — સોજા
૨૦૦/- પટેલ શિવાન ધવલભાઈ ચૌલક્રિયા નિમિત્તે — મોટેરા
૫૦૧/- પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ ચિ. પંકજ અને પલના જન્મ દિને — કરજીસણ
૫૦૦/- પટેલ રતિલાલ આદરભાઈ ચિ. પૌત્ર વિહાન તન્મયના જન્મ પ્રસંગે — સાબરમતી
૧૦૦/- પટેલ વિવેક રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નરોડા
૧૦૦/- ચૌહાણ ક્રિશ અતુલભાઈ જન્મદિને — જામસર
૧૦૦/- ચૌહાણ પ્રિયંક નિલેશભાઈ જન્મ દિને — જામસર
૫૦૧/- ગાંગાણી અંકિત મગનભાઈ ચિ. દ્વિજના જન્મ પ્રસંગે — અમદાવાદ
૧૦૧/- ગાંગાણી મગનભાઈ વેલજીભાઈ ચિ. દ્વિજની સાકર તુલા નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- ગાંગાણી મગનભાઈ વેલજીભાઈ ચિ. ધ્યેયના જન્મ દિને — અમદાવાદ
૧૫૦/- પટેલ સરોજબેન જીજ્ઞેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ગવાડા
૧૦૧/- ભાવસાર મનુભાઈ ગણપતભાઈ નવા વર્ષ નિમિત્તે — અમદાવાદ
૨૦૦/- નાયક શૈલેષકુમાર ગોપાલભાઈ નૂતન વર્ષ નિમિત્તે — પાનસર
૨૦૨/- પટેલ હસવીબેન જયદતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ચાંદખેડા
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા
૧૦૦/- દરજી મનોજભાઈ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નરોડા
૫૦૧/- મોદી તીર્થ પ્રકાશભાઈ જન્મ દિને — વિસનગર
૧૦૦/- કનુભાઈ બી. મીરાણી પરસોતમ માસ નિમિત્તે — આદિપુર-કચ્છ
૧૦૦/- કોટક રાજ પ્રવિણચંદ્ર બાઈક લીધું તે નિમિત્તે — આદિપુર-કચ્છ
૨૧૦૦/- સોની સંજયભાઈ રમણીકભાઈ ચિ. અર્જુનભાઈને ત્યાં પુત્ર રિહાનના જન્મ પ્રસંગે — અમદાવાદ

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.
















૧. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે સંતોનું અભિવાદન સ્વીકારતા તથા પૂ. મહંત સ્વામીદ્વારા લખાયેલ પુસ્તકનું વિમોચન કરતા પ.પૂ.મહારાજશ્રી. ૨.કાલુપુર મંદિર સભામંડપમાં સમૂહ ચોપડા પૂજન કરતા તથા કાળી ચૌદશના હનુમાનજીનું પૂજન કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૩. જેતલપુર શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી. ૪. કાલુપુર મંદિર, રંગમહોલમાં પાટોત્સવ પ્રસંગે શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક કરતાં પૂ. મહંત સ્વામી.પ. નારણઘાટ મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજના અન્નકૂટ દર્શન.

Registered under RNI la-GUJ GUJ 2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC - 003/2018-2020 Valid up to 31-12-2020 Issued by the SSPO's License to post without Prepayment No.PMG/HQ/028/2018-20 valid upto 31-12-2020
















૧. સીનેમિન્સન (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં નૂતન વર્ષે અન્નકૂટ દર્શન. ૨. રાલે મંદિરમાં અન્નકૂટ દર્શન.
૩. પારસીપની મંદિરમાં દિવાળીના દીપ-આરતી વેળાની તસવીર. ૪. હન્ટસવીલે મંદિરમાં દિવાળી અન્નકૂટ દર્શન.
૫. આપણા કરાંચી મંદિરમાં દિવાળીએ લાઈટીંગથી શોભતું પ્રવેશદ્વાર.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના આગ્રહ અને સવલત માટે
ઓનલાઈન ડોનેશન કાલુપુર મંદિરની ઓફિશીયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકાશે.
htpp://www.swaminarayan.in/donation

Praful Kharsani